PRGI No. 6489

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

# માસિક પત્રિકા

Issue : 1, Year: 71, April 2026, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

**પ્રફુલ અમીચંદ ઝવેરી**

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદ્‌ગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઈ રહી છે. **જેમકે છેલ્લા ૧૧ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી જુલાઈ -૨૦૨૫) સુધીમાં ૨૯૩૧૦ - જીવો છોડાવેલ છે.**
તથા ઘાસ - ૨૭,૩૫૦ કિલો, ગોળ - ૧૧૬૨૯ કિલો, કેરીનો રસ - ૬૦૦૦ કિલો, લાપ્સી - ૭૦૦૦ કિલો

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૪ થી જુલાઈ ૨૦૨૫ (૧૫ મહિના) માં ટોટલ ૩૮૧૧ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | |
|---|---|
| Bank Name : AXIS BANK LTD. | |
| A/c. Name : JIVDAYA FUND | A/c. No. : 921010033621820 |
| IFSC : UTIB0002274 | Branch : Charni Rd, Mumbai |

| | |
|---|---|
| Bank Name : BANK OF INDIA | |
| A/c. Name : JIVDAYA FUND | A/c. No. : 000120100001219 |
| IFSC : BKID0000001 | Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**


પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી


Advt.

# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

દ્વારા સંચાલિત

## પંચગીની સેનેટોરિયમમાં ક્રિકેટનું ટર્ફ બનાવવા માટે મળેલો સુંદર પ્રતિસાદ

## શ્રી ભાઈલાલભાઈ ગંભીરચંદ શાહ દ્વારા

## તેમના ધર્મપત્ની

## સ્વ. પુષ્પાબેન ભાઈલાલભાઈ શાહ

*ની સ્મૃતી સ્વરૂપે*

## પરિવારનું રૂા. ૧૧ લાખનું માતબર અનુદાન




શ્રી ભાઈલાલભાઈ ગંભીરચંદ શાહ




સ્વ. પુષ્પાબેન ભાઈલાલભાઈ શાહ

શ્રી ઝાલાવાડી સભાના દિલાવર દાતા શ્રી ભાઈલાલભાઈ ગંભીરચંદ શાહ પરિવાર તરફથી પંચગીનીના ઝાલાવાડી સેનેટોરિયમની પુણ્યવાન સંપત્તિમાં ૧૧ લાખનું અનુદાન જાહેર કરવામાં આવ્યું છે.

આ પરિવારે ઝાલાવાડી સભાના લોનાવલા સેનેટોરિયમને
માતુશ્રી કમળાબેન ગંભીરચંદ ઉમેદચંદ શાહના નામે સભાને પહેલી સખાવત આપી હતી
તથા શ્રી કનુભાઈ ગંભીરચંદ શાહ વિદેશ કેળવણી યોજના ચાલુ કરવામાં આવેલ છે.



**ઝાલાવાડી સભા આ પરિવારના સર્વેની
અનુમોદના કરતા ઉલ્લાસ અનુભવે છે.**



# BIO DATA

## KEVIN DEVANG SHAH

### Professional Details

Occupation: Sole Proprietor
Business Name: Karline Motors
Nature of Business: Automobile Parts Trader
Office Address:
21, 1st Floor, Saraswati Bhavan,
Opera House, Mumbai-400004

### Interests & Hobbies

Traveling
Music
Exploring Food

### Education

B.F.M (Bachelor of Financial Market)
Mumbai University

### Personal Information

**NAME:** KEVIN DEVANG SHAH
**DATE OF BIRTH:** 01.11.1996
**TIME OF BIRTH:** 2:20 AM
**PLACE OF BIRTH:** MULUND, MUMBAI
**HEIGHT:** 5'4"
**RELIGION:** DIGAMBAR JAIN
**CASTE/SAMAJ:** ZALAWADI DASHA SHRIMALI
**DIET:** JAIN
**NATIVE PLACE:** BARWALA GHELASHA, GUJARAT
**CURRENT RESIDENCE:**
114/201, NEELAM CHS,
JAWAHAR NAGAR, ROAD NO. 8,GOREGAON (W).
MUMBAI 400104

### Family Details

**Father:** Mr. Devang Anilbhai Shah
(9321911597)
Special Assistant, Bank Of India
(bullion Exchange Branch, Mumbai)

**Mother Mrs.** Priti Devang Shah
(9320921128)
Homemaker



### Paternal Family

Grandfather: Late Shri Anilkumar Maganlal Shah
Grandmother: Late Smt. Arunaben Anilkumar Shah
Kaka/Kaki: Bahubali & Bijal (Kandivali) (9892332987)
Fia/Fuva: Sonal Mayurbhai Khandhar (Borivali)
(9757055721/9820596871)


### Maternal Family

**Nana:** Late Shri Kiritkumar Jagjivandas Doshi
(Savarkundla - Ghoghari Vishashrimali Digambar Jain)
**Nani:** Late Smt. Anumatiben Kiritkumar Doshi
**Masi/Masa:**
Smitaben Kaushikkumar Shah (Khar) (9699550660)
Manishaben Bhavikkumar Vora (Mulund)
(9594931976)

### Contact Information

**Mobile:** 8097836863
**Email:** kevinpritidevang@gmail.com

Advt.




# KUSHAL SNEHAL SHAH

**PERSONAL DETAILS**

| | | |
|---|---|---|
| **DATE OF BIRTH** | : | 15th March 2000, 9.05 AM |
| **PLACE OF BIRTH** | : | Andheri, Mumbai |
| **HEIGHT** | : | 5’10” |
| **DIET** | : | Regular |
| **PERMANENT RESIDENCE** | : | B904, Anand Bhavan, Bajaj Road, Vile Parle (W), Mumbai 400056 |
| **BANGALORE RESIDENCE** | : | 004, Varuna Residency, 13th G Main road, Indiranagar, Bangalore 560008 |
| **HOBBIES** | : | Travelling, Driving, watching movies and shows, working out |

**EDUCATION**

- Bachelor of Engineering, Computer Science (2018-2022) : BITS Pilani, Goa
- Higher Secondary School Education (2016-2018) : Khar Education Society (Integrated)
- Primary and Secondary School (2006-2016): Utpal Shanghvi Global School (IGCSE)

**OCCUPATION**

Senior Software Developer at JioHotstar (2022-Present), working in Bangalore

**PATERNAL FAMILY DETAILS**

- Caste : Dashashrimali - Sthanakwasi Jain (Zalawadi)
- Native : Sudamda (Surendranagar)
- Dada : Hargovind Amrutlal Shah (9819740697)
- Dadi : Pushpa Hargovind Shah (9819794731)
- Father : Snehal Hargovind Shah (Commission agent of steel pipes) (9820230697)
  - OFF: 11, Avon Arcade, Vile Parle W
- Mother : Nehal Snehal Shah (Fashion Designer) (9819892987)
  - Boutique: 25, Khokha market, Vile Parle W
- Kaka : Apurva Hargovind Shah (Vile Parle W) (9821120291)
- Khaki : Kajal Apurva Shah (8767446441)

**MATERNAL FAMILY DETAILS**

- Nana : Kishore Vrajlal Gosalia (Andheri W) (Chuda) (9323378973)
- Nani : Rama Kishore Gosalia (9967469029)
- Mama : Hetal Kishore Gosalia (9892058714)
- Mami : Rikita Hetal Gosalia (9987457287)
- Masa : Rajesh Kirti Mehta (Santacruz W) (9819788675)
- Masi : Rajul Rajesh Mehta (982158867

Advt.

# Parshva Hitesh Barbhaya

Seattle, WA, USA

+1 (480) 290 2652



Looking for someone who's down for spontaneous long drives, day adventures and the occasional games. Ideally, you're also kind enough to tolerate, my slightly overambitious, occasionally burnt cookies.

## Personal Details

**Date of Birth:** 25th August 1998

**Place of Birth:** Borivali, Mumbai

**Height:** 6'

**Weight:** 84 kgs

**Profession:** Software Engineer, Amazon, Seattle, US

**Education:**
- Masters of Science, Computer Science, Arizona State University, Arizona, US
- Bachelor of Technology, Computer Engineer, K J Somaiya, Vidyavihar, Mumbai

**Visa:** F1 Student

## Family

**Grandfather:** Late Shri. Vasantlal Ratilal Barbhaya
**Grandmother:** Late Smt. Hansa Vasant Barbhaya

**Father:** Mr. Hitesh Vasant Barbhaya, +91 9892330904
**Business:** International Ispat, Mumbai

**Mother:** Mrs. Sonal Hitesh Barbhaya, +91 9892530904
**Business:** Homemaker

**Brother (Elder):** Rushabh Hitesh Barbhaya
**Business:** Goldman Sachs, New York, NY, USA

**Sister In law:** Manat Rushabh Barbhaya
(D/o. Monica and Sanjeev Kinra)
**Business:** London Stock Excahnge Group, NY, USA

**A-1501 Sheetalnath Towers, Sudha Park, Ghatkopar, Mumbai**

**Caste:** Zalawadi Sthanakwasi Visha Shrimali Jain

**Native:** Pipardi, Gujarat

### Paternal Family

**Faiba:** Dipali Bhavin Shah

**Faiba:** Sheetal Tejas Shah

### Maternal Family

**Nana:** Shri Sureshbhai R Shah


**Nani:** Late Smt. Jyotiben Sureshbhai Shah

**Mama:** Mr. Ashit Sureshbhai Shah

**Interests:**

Hiking | Cooking | Baking | Reading | Gaming | Dancing

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

એપ્રિલ ૨૦૨૬
વર્ષ : ૭૧ : : અંક : ૧
: તંત્રી :
શ્રી શરદભાઈ મનમોહનદાસ ગાંધી
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : ભાવિન એસ. ગાંધી
રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૯૮૬૭૫૪૦૫૨૪
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦


*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*

# સમજણની પાંખે

*હાલોને આજ કાંઈક રમીએ એવું,*
*કે નિરાશાની પોપડીને ખેરવી જોવું.*
*વિચારોના વમળોને છોડી દઈએ,*
*આશાની પાંખે ઊડી જોઈએ.*

*શીતળતાની સાથે એવો ઝૂમું*
*કે હૈયામાં સાચા વિચારો ફૂટે,*
*તેમાં તે નવી કૂંપળો દીપે*
*જીવન સુગંધિત થઈ રે જંપે.*

*હું એ સાચો ને તું એ સાચો*
*સમજણની નવી પાંખો ફૂટે,*
*નિરાશાના શબ્દોને દાટી દઈએ*
*ને હાલ મન પર્વતની ટોચે જઈએ.*

*આશાના શબ્દોને ઝીલી લઈએ,*
*ખુલી હવામાં ઝુમી લઈએ*
*શુભ વિચારમાં ખેલી લઈએ... હાલોને... આજ.*

*પ્રભુના સાથની દોરી પકડીને*
*હાલ રે પતંગ (પરુષાર્થ કેરો) ઉડાડી લઈએ,*
*થનગનતા મોરલાને માણી લઈએ*
*હૈયે કોયલના ટહૂકા ભરી લઈએ હાલોને આજ.*

*નિરાશાના પોપડાને તોડી દઈએ,*
*મીઠા શબ્દોની સુગંધ ભરી લઈએ.*
*મનુષ્યનો જન્મ ઉજાળી દઈએ*
*સહાયક થઈને જીવી લઈએ હાલોને... આજ.*

**– વિમળાબેન ધીરજલાલ શાહ**

# ગેરસમજનાં વાદળ વિખરાતાં, સમજણનો સૂરજ ઊગ્યો

**ગુણવંત બરવાળિયા**

પાર્વતીબેનના ફળિયાનાં અલગ અલગ ઘરોમાં આઠ-દસ પરિવારો રહે. બપોરના જમણ પછી કામથી પરવારીને કેટલીક બહેનો અલક-મલકની વાતો કરે. આ વાતમેળામાં પાર્વતીબેનને ખાસ રસ નહીં. નવરાશની પળોમાં એ એકાદ કલાક ગાયત્રી મંત્રજાપ કરે કે ગીતાનો સ્વાધ્યાય કરે. પુત્રવધૂ વર્ષા ઘરેથી ભરતકામનો ઉદ્યોગ કરે તેમાંય મદદ કરે અને પૌત્રી ઉમાને સાચવે.

પાંચ-સાત બહેનો બહાર ઓસરીમાં બેઠી હતી. એટલામાં પાર્વતીબેન કપડાં સૂકવવા બહાર આવ્યાં તો બહેનોએ આગ્રહ કર્યો કે, 'થોડી વાર અમારી સાથે બેસો.' એ કહે, 'અત્યારે ઘરમાં કામ ઘણું છે.' બધાં કહે, 'તમે ત્રણ-ચાર દિવસથી કયાં આવ્યાં છો? વર્ષાવહુ કામ કરી લેશો. તમે થોડી વાર તો બેસો.' ને તે બેઠાં. મહિલામંડળના આ વાતમેળામાં પરિવારના સભ્યોની વિશેષતા અને સ્વભાવ વગેરે વિશે વાત ચાલતી હતી. ખાસ કરીને દરેક પોતાની પુત્રવધૂનાં સ્વભાવ, ટેવ, શોખ વગેરે વિશે વાત કરતી હતી.

પાર્વતીબેન બધું સાંભળે પણ મૌન છે. 'પાર્વતીબેન, તમે કાંઈ કેમ બોલતાં નથી?' તો તે કહે, 'મારા પરિવારમાં કોઈની કાંઈ વિશેષતા નથી તો હું શું બોલું?' બધાંએ આગ્રહ કરીને કીધું કે, 'કાંઈક તો કહો ને કહો.' પાર્વતીબેન બોલ્યાં :

***દીકરી મારી સાકર જેવી,***
***જમાઈ ગોળનો ગાંગડો,***
***દીકરો તો મીઠાની ચપટી,***
***ને વહુ તો કાશ્મીરી મરચું.***

એ જ સમયે વર્ષા ફળિયામાં તડકો દેવા કઠોળ રાખેલાં તે લેવા આવી અને પાર્વતીબેનની આ બે પંક્તિ સાંભળી અને વિચારમગ્ન થઈ ગયા. એને થયું કે, 'સાસુમો પરિવાર માટે આવી કેવી વિચિત્ર વાત કરી?' જેમ જેમ વિચાર કરતી ગઈ તેમ તેમ તે દુ:ખી થતી ગઈ.

પતિ બાજુના ગામની હાઈ સ્કૂલમાં શિક્ષક, તે ઘરે આવતાં જ વર્ષાએ કહ્યું, 'તમારી સ્કૂલની આજુબાજુમાં કોઈ મકાન ભાડેથી મળે કે કેમ તેની તપાસ કરો.' વસંત કહે, 'કેમ? કોને મકાનની જરૂરી છે?' વર્ષા કહે, 'આપણા માટે'. વસંત કહે, 'કેમ શું થયું, આમ એકાએક?' વર્ષા કહે, 'આ ઘરમાં હવે આપણે રહી શકીએ એમ નથી. બાને આપણી જરૂર નથી.' 'મને તારી વાતમાં સમજણ પડતી નથી. માંડીને વાત કર તો સમજણ પડે.' મહિલામંડળના વાતમેળામાં બાએ કહેલી બે પંક્તિ બોલતાં વર્ષા કહે કે, 'બાને દીકરી સાકર જેવી મીઠી લાગે છે અને જમાઈ ગોળ જેવો ગળ્યો, દીકરો એટલે તમે મીઠા જેવા ખારા લાગો છો. હું એટલે કે વહુ તો તીખા મરચાં જેવી લાગું છું; માટે હવે આપણું આ ઘરમાં સ્થાન નથી. બા ભલે દીકરી-જમાઈની મીઠાશ માણે. તમારી ખારાશ ને મારી તીખાશ જો મારાં સાસુને અકળાવતી હોય તો મારે આ ઘરમાં શા સારુ રહેવું?' વસંત કહે, 'બા આવું વિચારે એ મારા માન્યામાં નથી આવતું.' વર્ષા કહે, 'તમે બા આવું બોલ્યાં હતાં કે નહીં તે પૂછી જોજો. એ બોલ્યાં હોય તો મારી વાત માનજો.' રાત્રે સૌ વાળું કર્યા પછી વસંતે પાર્વતીબેનને પૂછ્યું, 'આજે તમારાં બહેનોમાં શું શું ચર્ચા થઈ અને તમે શું કહેલું?' પાર્વતીબેને બધી વાત કહી. વસંત કહે, 'શું બા, પરણ્યા પછી દીકરા-વહુ અકારા કે અપ્રિય થઈ જતાં હોય છે?'

બા કહે, 'ભાઈ આવું નથી. તમે આ પંક્તિઓનો અર્થ બરાબર સમજ્યાં નથી. દિકરી સાકર જેવી મીઠી એટલે કે મિષ્ટાન્ન બનાવવા માટે સાકર વપરાય. દરરોજ મિષ્ટાન્ન ન ખવાય. અમુક તહેવારે જ મિષ્ટાન્ન કરાય. એમ દીકરી દરરોજ પિયરમાં ન શોભે, તહેવારે જ આવે તો શોભે ને પ્રિય લાગે... ને જમાઈ ગોળ જેવા. શુભ કે મંગલ પ્રસંગે ગોળની લાપશી બને, એમ જમાઈ પ્રસંગે આપણે ત્યાં આવે તો જ શોભે. દીકરો મીઠા જેવો એટલે કે બધા જ રસ હોય પણ મીઠું ન હોય તે વ્યંજન ખાવા યોગ્ય નથી. નમકની દિવસમાં ત્રણે ટાઈમ હાજરી જરૂરી છે એમ દીકરાની ઘરમાં હાજરી જરૂરી છે; ને વહુ કાશ્મીરી મરચું; એટલે મરચું રસોઈમાં દરેક ટાઈમે જરૂરી. જો તે ન હોય તો રસોઈ ફીક્કી લાગે, તેમ પુત્રવધૂ વિના ગૃહમંદિર સૂનું લાગે. વળી કાશ્મીરી મરચું ભડકમ કે ભયંકર તીખાશવાળું ન હોય, સામાન્ય તીખું હોય જેથી સ્વાદ વધે ને રસોઈમાં શાક-દાળમાં કલર આવે તેમ અમારી વહુ ઘરનું સૌંદર્ય છે ને પ્રિય છે' આ સાંભળીને વસંતવર્ષાએ હર્ષવિભોર થઈ પાર્વતીનાં ચરણસ્પર્શ કર્યાં.

જ્ઞાનીઓ કહે છે કે, 'ક્યારેય ઉતાવળે અભિપ્રાય ન બાંધવા. સાંભળેલું બધું જ સાચું છે તેમ ચકાસ્યા વિના ન માની લેવું. કોઈ પણ નિર્ણય લેતાં પહેલાં વિવેકપૂર્ણ વિચાર કરવો. ઉતાવળે નિર્ણય પૂર્વગ્રહયુક્ત પણ હોઈ શકે'. પાર્વતીની પંક્તિના ગાંભિર્યપૂર્ણ અર્થઘટનથી રહસ્યોદ્‌ઘાટન થતાં, ગેરસમજનાં વાદળ વિખરાતાં સમજણનો સૂરજ ઊગ્યો.

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ

# ઝાલાવાડી સભાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો કમિટી સભ્યો તેમજ માનવંતા અનુદાન આપનાર દાતાશ્રીનુ સ્નેહમિલન તેમજ પ્રકલ્પોનું ઉદ્‌ઘાટન સમારોહ

ઘણા સમયથી જેની રાહ જોવાતી હતી તે પંચગીની સેનેટોરિયમના નવનિર્મિત મહાક્રિડાંગણ લિફ્ટ ગઝીબો જીમનેશીયમ અને મલ્ટી એક્ટીવટી હૉલના ઉદ્‌ઘાટન માટે ઝાલાવાડી સભાની કમિટી તથા દાતાઓનું બે રાત્રિ- ત્રણ દિવસનું સ્નેહમિલન તથા ઉદ્‌ઘાટન સમારોહ પંચગીની ખાતે યોજાયેલ હતો.

તા. ૨૭-૨-૨૦૨૬ ના રોજ વ્હેલી સવારે મુંબઈથી નીકળી સર્વે દાતાઓ તથા કમિટી સભ્યો સજોડે લોનાવલા ખાતે નાસ્તો કરી પંચગીની તરફ પ્રયાણ કર્યુ. પંચગીની ખાતે કન્વીનરો અગાઉથી પહોંચેલ. ટીમે ઢોલ નગારા સાથે સર્વે દાતાઓ તેમજ ટ્રસ્ટીઓ અને કમિટી સભ્યોનું ભવ્ય સ્વાગત કર્યુ. દરેક સભ્યોની રૂમની વ્યવસ્થા અગાઉથી જ નક્કી કરેલ હતી. ફ્રેશ થઈ ભાવતા ભોજન ને ન્યાય આપી બપોરે આરામ ફરમાવીને સાંજે સિડની પોઈંટ તરફ રવાના થયા.

સિડની પોઈંટ ખાતે કુદરતી સૌંદર્ય માણી પરત સેનેટોરિયમ ખાતે ફાસ્ટ ફુડની લહેજત માણી સર્વે સભ્યો એક્ટીવીટી હોલ ખાતે ભેગા થયા. શ્રી મુકેશભાઈ ચશ્માવાળાએ હાઉઝી તેમજ વિવિધ પ્રકારની ગેમો રમાડી મનોરંજન કર્યુ ત્યારબાદ મ્યુઝીક સંગીતનો આનંદ માણ્યો તેમ જ આપણા સભ્યોની પ્રતિભાને માણી શ્રી નરેન્દ્રભાઈ ગાંધીએ સુંદર ગીતો દ્વારા બધાના મન જીતી લીધા. સ્ટ્રોબેરી આઈસ્ક્રીમને ન્યાય આપી મજાક મસ્તી કરતા નિંદ્રાધીન થયા.

શનિવાર તા. ૨૮-૨ ના રોજ સવારે ૭.૧૫ થી ૮.૧૫ સમુહ સામાયિકનું આયોજન કરવામાં આવેલ. તેમાં ૨૫ થી વધુ સભ્યોએ ભાગ લીધેલ. ટ્રસ્ટીશ્રી શ્રી કિરીટભાઈ શેઠ, શ્રી મહેશભાઈ વોરા તેમ જ અન્ય સભ્યોએ સ્તવન દ્વારા અને શ્રી વિજયભાઈ અજમેરાના સત્સંગ દ્વારા ધાર્મિક રંગે રંગાયા.

બપોરના આરામ બાદ હાઈટી પતાવી ઉદ્‌ઘાટન કાર્યક્રમ શરૂ થયો. સૌ પ્રથમ લિફ્ટના દાતાશ્રી પ્રદીપભાઈ રમણીકલાલ ધ્રુવના પરિવારના હસ્તે લિફ્ટનું ઉદ્‌ઘાટન થયું. ત્યારબાદ બાલ ક્રિડાંગનના નુતનીકરણના દાતા શ્રીમતી હીનાબેન મનિષભાઈ શાહ અનિવાર્ય સંજોગોને કારણે આવી શક્યા ન હતા તેમની બદલે શ્રી પ્રવીણભાઈ શાહ અને શ્રી ભરતભાઈ ઉદ્‌ઘાટન વિધિ કરેલ તેના પછી મલ્ટીપર્પઝ હોલનું ઉદ્‌ઘાટન શ્રી ભરતભાઈ ગેડીવાલા પરિવારના હસ્તે સંપન્ન થયું છેલ્લે ગઝીબોનું ઉદ્‌ઘાટન શ્રી પંકજભાઈ સંઘવીના ભાઈ શ્રી વિરેનભાઈના હસ્તે સંપન્ન થયું.

ફોટોસેશન બાદ સ્ટેજ પ્રોગ્રામમાં પ્રમુખ શ્રી પ્રવીણભાઈએ સ્વાગત પ્રવચનમાં સર્વ દાતાઓને બિરદાવ્યા અને પંચગીનીના ઉત્સાહી કન્વીનરોને અભિનંદન આપ્યા. સર્વે દાતાઓનું હાર શાલ દ્વારા વિધિવત બહુમાન કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી ભરતભાઈ ગેડીવાળા પરિવાર તરફથી ઝાલાવાડી સભાને રૂા. ૨૧૦૦૦નું અનુદાન જાહેર કરવામાં આવ્યું. ટ્રસ્ટી શ્રીમતી મનિષાબેન શાહે કન્વીનરોને અભિનંદન આપતા જણાવ્યું કે દરેક કન્વીનરો ખૂબ લગન અને ઉત્સાહપૂર્વક કાર્ય કરીને પંચગીની સેનેટોરિયમને શ્રેષ્ઠ સેનેટોરિયમ બનાવેલ છે. શ્રી અનિલભાઈ સંઘવીએ તેમની આગવી શૈલીમાં પંચગીની રિનોવેશનનો ચિતાર આપ્યો હતો.

આ પ્રસંગે સેનેટોરિયમના મેનેજર શ્રી જગદીશભાઈ બરોટ અને તેમના પત્નીનું બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શ્રી અતુલભાઈ શાહે કરેલ અને આભારવિધિ શ્રી મુકેશભાઈ ચશ્માવાળાના હસ્તે સંપન્ન થયેલ.

રવિવાર તા. ૧/૩ નો રોજ સવારે હેવી નાસ્તાને ન્યાય આપીએ તો પહેલા સમુહ સામાયિકનું આયોજન કરેલ Brunch સાથે ભરપેટ નાસ્તો કર્યા બાદ એકબીજાને ફરી મળવાના કોલ આપીને છૂટા પડ્યા અને મુંબઈ તરફ પ્રસ્થાન કર્યુ.

આ સ્નેહમિલનમાં ટ્રસ્ટીશ્રી પ્રવિણભાઈ શાહ, શ્રી મહેશભાઈ વોરા, શ્રીમતિ મનિષાબેન શાહ, શ્રી કિરીટભાઈ શેઠ તથા ઓફિસ બેરર્સ અતુલભાઈ શાહ, અનિલભાઈ સંઘવી, મુકેશભાઈ શાહ ચશ્માવાળા, નિરવભાઈ દોશી, હેમંતભાઈ શાહ અને બીનાબેન સંઘવી તેમજ કન્વીનરો વિજયભાઈ અજમેરા, ચેતનભાઈ ગોસલિયા તેમ જ કમિટી સભ્યોમાં શ્રી અશોકભાઈ તુરખીયા, નરેન્દ્રભાઈ ગાંધી, શ્રીમતી મીરાબેન શાહ, શ્રી પ્રિતુલભાઈ ગેડીવાલા, શ્રી મહેશભાઈ દોશી, શ્રી નરેન્દ્રભાઈ સંઘવી, શ્રીમતી દિપ્તીબેન શાહ, શ્રી નિરવભાઈ ખંધાર, સંજયભાઈ તુરખિયા, રાકેશભાઈ ગોપાણી... વિગેરે તથા દાતા પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.

❖❖❖

# મહાત્માજી મહારાજસાહેબના અંતરના ઉદ્‌ગાર

**અનંત ઉપકારી ભગવાન મહાવીર સ્વામીને કોટી કોટી વંદન...**

જે ભાગ્યશાળી આત્મા ભગવાન તીર્થંકરદેવની વાણી પર શ્રદ્ધા કરે, વિશ્વાસ કરે, રૂચિ કરે, પ્રતિતિ કરે, ભગવાનની વાણીને અંતરથી સમજે... અને જીવનમાં ઉતારે... એ બધા દુઃખોથી મુક્ત થાય. પછી એને આધી-વ્યાધિ-ઉપાધિ, જન્મ, જરા, મરણ રોગ શોક, ચિંતા, દુઃખ, દારિદ્ર દુર્ગતિ, સંયોગ, વિયોગ, રગડા-ઝગડા, ક્લેશ રહે નહીં. કોઈ પ્રકારના દુઃખ, કષ્ટ, તકલીફ રહે નહી. જે ભગવાનની આજ્ઞા અનુસાર ચાલે તો આત્મા પરમ સુખી બને. આત્મામાં શાંતિ-સમતા, સમાધિ, આનંદ, પ્રસન્નતા, નિર્ભય બને. મનનું સુખ મનની શાંતિ વચનનું સુખ વચનની શાંતિ, કાયાનું સુખ કાયાની શાંતિ, અનુપમ આત્મીક સુખ... અનુપમ આત્મીક શાંતિ પછી સુગતિ... મનુષ્યનો ભવ અને પૂરી પુણ્યવાળી કોપ તો ભાગ્યશાળી આત્માને વૈરાગ્યભાવ આવે.. સંસાર અસાર લાગે.. કામભાગે છોડવા જેવા લાગે. સંયમ લેવા જેવો લાગે. ધર્મ કરવા જેવો લાગે...

**''સિંકની જેમ સંયમ લે અને**
**સિંહની જેમ સંયમ પાળે..''**
**મરના મંજૂર પર સંયમમા**
**દોષ લગાવું મંજૂર નહી...**

આ પ્રકારનું જીવન જીવે છે. **''कि परम मरणम् सिया''** ભરવાથી વિશેષ શું થવાનું છે... એમ વિચારી ભવ્ય આત્મક્ષપકશ્રેણી ચડે. એ જીવ વિતરાગી બને.. કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કરે. કોઈકેવળી બને... કોઈ તીર્થકર બને.. અને મોક્ષના અક્ષય સુખોને પ્રાપ્ત કરે.

ભગવાન તીર્થંકરદેવની વાણીમાં એવી શક્તિ છે કે જે એના જીવનમાં વિશ્વાસ કરીને ઉતારે તો એને અનંત સુખોનો સ્વામી બનાવી દે... જરૂર છે ભગવાનના વચનો પર શ્રદ્ધા કરીને જીવનમાં ઉતારવાની. ભગવાન તો એજ ફરમાવે છે... મનુષ્ય ભવની પ્રાપ્તિ બહુ દુર્લભતાથી મળી છે. મનુષ્યનો મોકો હાથમાં આપ્યો છે. આ મોકો કાયમ રહેવાવાળો નથી... માટે ધર્મ કરી લ્યો...

**સંકલન : મીનલબેન સમીરભાઈ શાહ (માટુંગા)**

# ધનલોભી નગરશેઠનું ધ્યાન-ભંગ

**ડૉ. હરેશ 'તથાગત'**

**બુ**દ્ધ ભિખ્ખુ નગરશેઠ પાનાચંદ સંઘથી એકાએક ગાયબ થઈ ગયો. બુદ્ધે તેની નોંધ લીધી ને નંદને કહ્યું, ''જા, તપાસ કર કે પાનાચંદ ક્યાં છે અને કઈ સ્થિતિમાં છે.''

નંદ અને આનંદ બેઉ પૂછતાં પૂછતાં નગરશેઠ પાનાચંદને ઘેર પહોંચ્યાં જ્યાં પૂર્વાશ્રમે વસતો હતો.

શેઠ નંદ તથા આનંદને જોઈને ઓઝપાઈ ગયો - પાનાચંદ.

''પ્રભુ સ્મરે છે, શીઘ્ર આવો.'' ગુરુ સખા પાનાચંદને તેમણે કહ્યું. થોડી પળો પછી એ સંઘ સમક્ષ બુદ્ધ પાસે ઉપસ્થિત હતો. બુદ્ધે મુસ્કુરાઈને મૃદૂ સ્વરે પૂછ્યું, ''ક્યાં હતાં ધર્મસ્થિત ?'' પાનાચંદનું સંન્યાસી તરીકે નામ હતું 'ધર્મસ્થિત.'

ભોંઠા પડ્યાં અવાજે ધર્મસ્થિતે વાત માંડી. ''પ્રભુ ! પરિવારમાં મારા પિતાનું દેહાવસાન થયું. એટલે તેમની હવેલીથી ધન-ખજાનો મારે ત્યાં લાવમાં વ્યસ્ત હતો. તેમનો અગ્નિસંસ્કાર ને બીજાં ધાર્મિક વિધિવિધાનમાં પણ રોકાયેલા હતો એટલે તમ સંમુખ બેસી ધ્યાન વિસરી લાલચમાં અવળે રસ્તે ચડ્યો. તમારી દેશનામૃત પીવાં આવી ન શક્યો. તમને પૂછ્યાં વગર જ ઘેર ને પછી હવેલીએ ગયો. મને માફ કરો.''

''દેહની ધર્મશાળાથી આત્મહંસ ઊડી ચાલ્યો. તવ પિતાનો એનું મને ઊંડું દુઃખ છે અને તમે લોભે ફસાયાં એનું પરમ આશ્ચર્ય છે. તમો પાંચ-દશ ગાડાં ભરીને પિતાની જે મિલકત સુવર્ણ, રજત, હીરા, મોતી ઈત્યાદિ લાવ્યાં તે સર્વ જેમ તમારાં પિતાશ્રી જોડે ન ગયું તેમ તમારી સાથે પણ નહીં જાય. માટે ભીતરે ડૂબકી મારો, ધ્યાને જોડાવ અને જે કંઈ વારસામાં પામ્યાં છો તે બધું ગરીબ-ગુરબાં, બીમર, વૃદ્ધો, અનાથો ને બીજાં એવાં જરૂરિયાતમંદોને બાટી દ્યો.''

ધર્મસ્થિતની ચૈત્યમતિનાં નયનકમળો ખૂલી ગયાં. તે દિવસે બુદ્ધે લોભ છોડવાનો અને દાન કરવાનો મહિમા સંઘ સમક્ષ ઉપદેશ્યો.

પ્રભુસૂચિત કરવા ગયેલો ધર્મસ્થિત બધું બાંટીને બીજે દિવસે પુનર્ સંઘે આવી ભળ્યો.

બુદ્ધે કહ્યું, ''લોભ ઊઠે તે મનુષ્ય કાજે સહજ છે પણ સ્વભાવ દાનનો પરકલ્યાણનો જ સેવવો અને હા, કરેલી-થયેલી ભૂલો પર ક્યારેય પસ્તાવું નહીં.

તત્પશ્ચાત્ ધર્મસ્થિત ધ્યાનપંથે એટલો ગતિમાન થઈ ગયો કે બુદ્ધ પ્રભુએ તેને 'અર્હત'ની પદવી દીધી અને પોતે ક્યારેક સાજાં-માંદા હોય ત્યારે સંઘની સમક્ષ પ્રવચન આપવાનું સુકાર્ય સોંપ્યું. પછી એવાંય સમાચાર આવ્યા કે તે આજીવન નગરે, વિદ્યાલયે અને બીજે બધે બોધોપદેશ આપતો ગામેગામ ઘૂમતો અને ભિક્ષાર્થી પોતાનું ગુજરાન કરતો રહ્યો.

❖❖❖

# પુનરાગમન

ગિરીશ ગણાત્રા



'**ના,** હમણાં મારે પરણવું નથી. મારે ફિલ્મમાં કામ કરવું છે.'

'અરે બેટા, તું સમજ તો ખરી, આટલું બધું ભણી. સંગીત-નૃત્ય શીખી, ભગવાને તને રૂપ આપ્યું છે. સારા અને સુખી ઘરનાં માગાં આવે...'

'ના, હું મુંબઈ જઈશ ને ફિલ્મમાં કામ કરીશ. મારે ફિલ્મને 'કરિયર' બનાવવી છે.'

'સારું, ફિલ્મ લાઈનની 'કરિયર' બનાવજે, પણ પરણીને બનાવજે, બસ ?'

હમણાં પરણવાનું નામ નહિ લેતા, પહેલાં કરિયર, પછી સંસાર'

બાવીસ વર્ષની તરવરતી યુવતીને મા, બાપ, ભાઈ, ભાભી, સૌએ મનાવી, પણ પરણવા એ તૈયાર ન થઈ. જ્યારે મૅટ્રિક પાસ થઈ ને એણે અમદાવાદની કૉલેજમાં ઍડમિશન લીધું ત્યારે કૅન્ટીનના ખૂણેથી સિસોટીઓ વાગતી. કોઈ કહેતું, 'આશા પારેખ છે, અસ્સલ.' તો કોઈ કહેતું, 'વૈજયંતીમાલાની કાર્બન કૉપી છે.' ભગવાને એને સુંદર શરીરસૌષ્ઠવ અને રૂપ આપેલું. તે કૉલેજમાં દાખલ થતાંવેંત ઝળકી ઊઠી. કૉલેજના આર્ટ્સના વિષયોના વર્ગો એટલે ભણવાગણવાનો અલ્લાયો, ઈત્તર પ્રવૃત્તિઓ વિશેષ.

મૅટ્રિક સુધી તો આ યુવતી દિવસમાં માત્ર ચાર-પાંચ વખત અરીસામાં જોતી, પણ કૉલેજમાં આવ્યા પછી કલાકો સુધી એ એની સામે જ બેસી રહેતી. કપડાંની સ્ટાઇલ બદલાઈ ગઈ. 'સ્ટાર ઍન્ડ સ્ટાઇલ' કે ફેમિનામાં અપાતી ડિઝાઈનો મુજબ કપડાં સિવડાવ્યા. મૅટ્રિક સુધી ર. વ. દેસાઈ, સારંગ બારોટ કે વિઠ્ઠલ પંડ્યાની નૉવેલો વંચાતી એની જગ્યાએ હવે પિક્ચર -પોસ્ટ, 'ફિલ્મફેર' જેવાં મૅગેઝીનો આવ્યાં. આખી કૉલેજ હવે એને વૈજયંતી માલા કે આશા પારેખ તરીકે ઓળખવા લાગી.

ફિલ્મસ્ટારો પાછળની આ ઘેલછાએ એટલી હદ સુધી સ્વરૂપ ધારણ કર્યું કે છાશવારે એ મુંબઈ આવવા લાગી અને ક્યાંકથી સંબંધો શોધી ફિલ્મ શૂટિંગ જોવા જવા લાગી. વૅકેશનમાં એણે મુંબઈ જ રહેવાનું રાખ્યું. સારા અને સુખી ઘરની આ યુવતીનાં ઘણા ઘણા સગાંવહાલાંઓ મુંબઈમાં રહેતાં છતાંય ત્યાં ન રહેતા એ કોઈને ત્યાં પેઈંગ ગેસ્ટ તરીકે રહી.

અને એક દિવસ એવો આવ્યો કે એણે ફિલ્મને કરિયર બનાવવા ઘર છોડ્યું. પાસે થોડીઘણી મૂડી રાખી. શૂટિંગો જોવા જતી તે દરમિયાન ઈન્ડસ્ટ્રીના બેચાર માણસો જોડે સંબંધો કેળવી લીધેલા તેનો લાભ લેવાનું નક્કી કર્યું. ઘરમાંથી ઝઘડો કરી એ મુંબઈ નાસી આવી અને એક બાનુને ત્યાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેવા લાગી.

કુટુંબીજનો નિરાશ થયા !

આવડા મોટા મુંબઈમાં કયાં એનો પત્તો શોધવો ? મોટાભાઈ અઠવાડિયાથી મુંબઈ આવીને ધામા નાખી પડ્યા હતા. પણ આ યુવતીનો પત્તો ન હતો. દરરોજ રાતે ટ્રંકકૉલ દ્વારા અમદાવાદ માબાપને ખબર કરતાં. ઘરમાં નિરાશાનું વાતાવરણ ફેલાઈ ગયું.

આખરે મોટાભાઈને એક જૂના પત્રકારમિત્ર મળી ગયા. એમણે કહ્યું, સ્ટુડિયોમાં તપાસ કરો, શૂટિંગમાં ક્યાંક ને ક્યાંક અથડાઈ જશે. તમને અમારા પત્રના ફિલ્મવિભાગના ખબરપત્રી જોડે ઓળખાણ કરાવી દઉં. એની જોડે ફરો. આ નવી નવી છોકરીઓ સ્ટુડિયોમાં ચક્કર લગાવતી હોય છે.

ખબરપત્રી જોડે મોટાભાઈએ સ્ટુડિયોના ચક્કર લગાવવાં શરૂ કર્યા. ત્રીજે દિવસે આ યુવતીનો પત્તો એક સ્ટુડિયોમાંથી લાગ્યો. એક નાનકડા ખંડમાં બે-ત્રણ ફિલ્મના કલાકારો જોડે એ બેઠી હતી.

મોટાભાઈ એ ખંડમાં ગયા તો પેલી યુવતીએ એનું અપમાન કર્યું

'આમ આવા નામી કલાકારો બેઠા હોય ત્યાં ઘૂસી આવતાં શરમ નથી આવતી ? બહાર ઊભા રહો, હું પછી આવીશ.'

બિચારા ભાઈ તો બહાર તપશ્ચર્યા કરતાં ઊભા રહ્યા. પોણા કલાકે એ બહાર આવી પણ ફિલ્મી દુનિયાના બહુનામી નહિ એવા કલાકારો જોડે. એ કલાકારે મોટાભાઈનો ઊધડો લઈ નાખ્યો.

'તુમકો કિસને અંદર દાખિલ કિયા ? ચુપચાપ બાહર ચલે જાઓ, વરના દરવાનકો બુલાકે બાહર ધકેલ દેંગે.'

અમદાવાદની નાનકડી ફૅક્ટરીનો માલિક આવા અપમાન માટે ટેવાયેલો ન હતો. પિતા પણ અમદાવાદના જાણીતા વેપારી એટલે માન-સન્માનને ટેવાયેલા. ભાઈને હાડોહાડ અપમાન લાગી આવ્યું પણ બહેનને ખાતર સહન કરી લીધું. એ ગુપચુપ ત્યાંથી ચાલી ગયો ને પેલા

ખબરપત્રીને શોધવામાં પડ્યો. એ દરમિયાન સ્ટુડિયોના એક સેટ પર શૂટિંગ ચાલી રહ્યું હતું ત્યાં પેલો ઍક્ટર અને આ યુવતી ચાલ્યાં ગયાં.

પેલા ખબરપત્રીને શોધી એણે બધી વાત કરી. ખબરપત્રીએ કહ્યું :

'આ ઍક્ટર સારી ચાલચલગતનો નથી. ઘણી છોકરીઓને ફસાવી છે એટલે જરા સંભાળજો.'

'પણ હવે આને અહીંથી બહાર કાઢવી કઈ રીતે ?'

'જુઓ ભાઈ, આ છોકરીને હું ઘણા વખતથી સ્ટુડિયોમાં ચક્કર લગાવતી જોઉં છું. મને શી ખબર કે એ તમારી બહેન છે ? પણ અમે તો છાપાવાળા એટલે જાણી લીધું કે નવું પંખી પકડાયું લાગે છે. પરમ દિવસે એને એક આલીશાન હોટલમાં બીજા આવા જ બદ્-ચારિત્ર્યવાળા ઍક્ટર જોડે જોઈ હતી. બધાએ નાનામોટા રોલની લાલચ આપી હશે પણ જેમ અન્યનું બન્યું તેમ તમારી બહેનનું પણ બનશે. વધારે શબ્દોમાં કહેતો નથી કારણ કે તમારી એ બહેન થાય. આવી ઘણી બહેનો જુદા જુદા પ્રાંતમાંથી મુંબઈના આ હોલીવૂડમાં આવે છે ને પછી... જવા દો, હવે શું કરવું છે ?'

'તમે કંઈ મદદ ન કરી શકો ?'

'હું તો અખબારનો ખબરપત્રી. આ લોકોની વાતો એકઠી કરી મારે મારું પાનું સંભાળવાનું છે એટલે નાનામોટા કોઈની જોડે બગાડવું મને નહિ પોસાય. તમે પોલીસની મદદ લો તો ?'

બિચારા મોટાભાઈ ! શું કરવું એની સમજણ પડતી નહોતી. પોલીસને ખબર કરવા જાય તે દરમિયાન બહેન છટકી જાય તો ?

અચાનક એની નજર બિમલ રૉય પર પડી. એમની ઘણીખરી ફિલ્મો એણે જોઈ હતી. એટલે સીધા પહોંચી ગયા બિમલદા પાસે. પોતાના પાકીટમાંથી વિઝિટિંગ કાર્ડ કાઢી એમની સામે ધરી દીધું અને કહ્યું,

'પાંચ મિનિટ આપ મને આપી શકશો ? બિલકુલ એકાંતમાં – અમારા સુખી ઘરમાં આગ લાગવાની શરૂઆત થઈ છે.'

'સાંજે મળો તો ? અત્યારે મારો સેટ લાગી ગયો હશે.'

'સાહેબ, માત્ર પાંચ જ મિનિટ, તમને હું વ્યક્તિગત ઓળખતો નથી, પણ તમારી ફિલ્મ દ્વારા તમને ઓળખું છું એટલે વાત મૂકું છું.'

એક નજરે બિમલદાએ આ ભાઈને માપી લીધા અને કહ્યું, 'ચાલો...'

સ્ટુડિયોના કામદારો જ્યાં ચા પીતા હોય છે એવી એક કૅન્ટીનના પાછલા ભાગમાં એને લઈ ગયા. મોટાભાઈએ પાંચ મિનિટમાં પોતાની કથની કહી દીધી. પછી બે હાથ જોડી કહ્યું,

'બાજી તમારે હાથ છે, બીજું શું કહું ?'

'તમારી બહેન કયાં છે ?'

'આ સામેના સ્ટુડિયોમાં છે. ત્યાં પેલા ઍક્ટર જોડે છે.'

'સારું,' કહી એમણે એક માણસને બોલાવ્યો અને કહ્યું, એ ઍક્ટર અને એના જોડેની ગુજરાતી બહેનને જવા ન દેતા. મારે એનું કામ છે. મારું શૂટિંગ પતી ગયા પછી મારી ઑફિસમાં મને મળે.' અને પછી મોટાભાઈએ કહ્યું : 'તમે મારી જોડે ફ્લોર પર ચાલો. દોઢ-બે કલાકનું કામ છે.'

'પણ બહેન ચાલી જશે તો ?'

'ન ચાલી જાય,' હસીને બિમલ રૉયે કહ્યું, 'આ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મારું પણ થોડું નામ છે, હોં...!'

બપોરના ત્રણ વાગ્યે બિમલ રૉય શૂટિંગ પૅક કરીને ફ્લોર પરથી નીકળ્યા ને પોતાની ઑફિસમાં ગયા તો પેલો ઍક્ટર અને બહેન બહાર ચક્કર લગાવતાં હતાં. પેલી યુવતીને પોતાની કૅબિનમાં બોલાવી બારણું બંધ કરી કહ્યું :

'બોલ બહેન, ફિલ્મમાં કામ કરવું છે ?'

'હા...'

પછી એ યુવતીના મોટાભાઈ સામે એક નજર નાખી ફરી પૂછ્યું :

'કેટલી કિંમત ચૂકવવા તૈયાર છે ?'

'એટલે ?' યુવતી થોથવાઈ.

'કિંમત કેટલી ચૂકવશે ? હું તને કહું છું તે સમજમાં આવે છે ?'

યુવતી સમજી ગઈ. એક શબ્દ પણ ન બોલી.

'ચાલ નક્કી કરી લે, કાં કિંમત ચૂકવવા તૈયાર થા, નહિતર ઘર ભેગી થઈ જા. આ ફિલ્મ ઈન્ડસ્ટ્રી છે, કોઈ માસામાસીનાં ઘર નથી. અહીં બધી જાતના ધંધા ને વેપાર થાય છે. સૌ કિંમત ચૂકવે છે ને પછી આગળ આવે છે. માત્ર રૂપાળો ચહેરો કે અભિનય અહીં કામ લાગતાં નથી. કોઈ ને કોઈ ક્યારેક કિંમત વસૂલ કરી લે છે. હમણાં નહિ તો પછી.'

પેલી યુવતી રડવા લાગી. બિમલદા પોતાની ખુરશી પરથી ઊભા થઈ બાજુના સોફા પર બેઠા. પોતાની પાસે યુવતીને બેસાડી કહ્યું :

'બેટી, હું તારા બાપ જેવો છું. આ ઈન્ડસ્ટ્રીમાં હું જન્મ્યો છું, જીવ્યો ને બુઢ્ઢો થયો. મરીશ પણ અહીં, આ વાઘ-વરુની જમાતમાં. કોઈના પણ પીઠબળ વિના શી હાલત થાય છે તે મને ખબર છે. તારી પણ આ હાલત થશે. ચાંદ-તારા બતાવી, તારો લાભ લઈ વર્ષ બે વર્ષ પછી તને ઍક્સ્ટ્રાની જમાતમાં ધકેલી દેશે. નરગિસ, વૈજયંતીમાલા કે વહીદા રહેમાન થવાનાં તારાં સ્વપ્ન ધૂળમાં મળી જશે. મારી આ સલાહ છે. તેમ છતાંયે મેં કહ્યું તેવી તૈયારી

રાખીને આવી હોય તો તો નરકનો રસ્તો ખુલ્લો છે.'

યુવતી રડી પડી. મોટાભાઈ એની પાસે બેસવા ગયા તો બિમલદાએ ના પાડી.

'રડવા દો, પોતાની જિંદગીને સ્વર્ગ બનાવવી કે નરક બનાવવી એનો નિર્ણય કરવાની એની આ ઘડી છે. એને રડવા દો.'

થોડી વાર પછી યુવતી સ્વસ્થ થઈ અને બિમલદાને પ્રશ્ન પૂછ્યો –

'તમારા પિક્ચરમાં મને ચાન્સ આપશો ?'

'ના, મારી બહેન-દીકરી મારા પિક્ચરમાં ક્યારેય નહિ.'

થોડી વાર સુધી ખંડમાં શાંતિ પથરાઈ ગઈ. એક એક સેકન્ડ યુગ જેવડી બનતી ગઈ. થોડી વાર પછી યુવતીએ કહ્યું :

'થૅંક યુ દાદા, હું ઘેર પાછી જાઉં છું.'

'ગુડ ગર્લ,' કહી એ ઊભા થયા. ખિસ્સામાંથી પાંચ રૂપિયાની નોટ કાઢી કહ્યું :

'હું બંગાળી છું – જરા મૂજી કહેવાઉં. દમડી જલદી ન છૂટે. છતાંયે તેં જે નિર્ણય લીધો છે એ બદલ આ પાંચ રૂપિયાની નોટ આપું છું, પણ તને નથી આપતો. તું પરણશે તે પછી જે સંતાન થાય તેને દાદા વતી પાંચ રૂપિયા આપજે,' કહી માથે હાથ મૂક્યો.

મોટાભાઈએ બિમલ રૉયનો આભાર માન્યો ને પગે પડ્યા ત્યારે એટલું કહ્યું :

'વર્ષો પહેલાં એક બંગાલી છોકરીને હું આવી રીતે ઉગારી શક્યો હતો. આજે એનું નાનકડું ઘર છે, છોકરા છે. એક વખત એને ઘેર ગયો હતો. બડા દિન નિમિત્તે મને ગ્રીટિંગ્ઝ કાર્ડ મોકલાવે છે. તું મને જરૂર કાર્ડ મોકલજે.'

આજે આ યુવતી પોતાના સુખી સંસારબાગમાં નાનકડાં મઘમઘતાં પુષ્પોને ઉછેરી રહી છે. હા, બિમલદાનું પિક્ચર એ ક્યારેય ચૂકતી નથી. પોતાના પુત્રને એનું પિક્ચર બતાવે અને કહે, 'તારા દાદાએ બનાવેલું ચિત્ર છે.' ❖❖❖

---

# બાળકના ઘડતરમાં ઘર

**ઝીણાભાઈ દેસાઈ**

**બા**ળક શાળામાં જતો થાય તે પહેલાં એની સમજ અને એના જ્ઞાનનો પાયો સુદૃઢ રીતે નંખાઈ ગયો હોય છે. અભિમન્યુએ ગર્ભમાં રહ્યાં રહ્યાં કોઠાવિદ્યાનું જે જ્ઞાન મેળવેલું તે કોઈ કવિકલ્પના ન હતી, પણ મનોવિજ્ઞાનનું એક મોટું સત્ય હતું, એ આજના શિક્ષણશાસ્ત્રીઓએ સિદ્ધ કરેલું છે. આથી ઘરની સૌથી પહેલી ફરજ બાળકનો સ્વાભાવિક વિકાસ થઈ શકે એવું વાતાવરણ સર્જવાનો ગણાય.

બાળક પોતાની આસપાસના વાતાવરણમાંથી પોતાના વિકાસ માટેનાં સાધનો મેળવતું હોય છે. મનુષ્યને મળેલી એક મહાન ભેટ તે વાણી દ્વારા પોતાના વિચારોને અભિવ્યક્તિ આપવાની એની શક્તિ. ભાષા દ્વારા સર્જાતી આ ક્રિયામાં ઘરમાં વપરાતી ભાષાનો ઘણો મોટો ફાળો હોય છે. આથી ઘરમાં થતી વાતચીત અને અન્ય વાણીવ્યવહાર બાળકોના ભાષાજ્ઞાનના પાયારૂપ બને છે.

ઘરમાં થતી વાતચીત અને તેમાં વપરાતી ભાષાની જેમ બાળક પર અસર થાય છે તેમ કુટુંબમાં એકબીજાં સાથેના વ્યવહારની, આડોશી-પાડોશી સાથેના વ્યવહારની અને માનવસંબંધોમાં થતાં વિવિધ આદાનપ્રદાનોની બાળકના મન ઉપર સતત અસર થતી રહે છે અને એનાથી એનું રુચિતંત્ર ને વર્તન ઘડાય છે.

મોટેરાંઓ નાનેરાંઓ પાસેથી પોતાને મનફાવે ત્યારે કામ કરાવવાનો પોતાનો અબાધિત અધિકાર લેખે છે. આની બાળક પર કેવી અસર થતી હોય છે એનો એક નાનકડો કિસ્સો નોંધું : ''મારા એક મિત્રની સાત-આઠ વર્ષની દીકરી એક ચિત્ર દોરવામાં નિમગ્ન હતી. હું અને તેના પિતા વાતો કરતા બેઠા હતા. તેના પિતાએ એને કહ્યું, ''નીતા, જા તો પાણી લઈ આવ !'' તેણે જવાબ આપ્યો : ''પપ્પા ! મારું ચિત્ર અધૂરું છે. તમે જ લઈ આવો ને !'' બાળક પાસેથી કામ જરૂર લેવું, પરંતુ એને પોતાને પોતાનાં રસનાં આગવાં ક્ષેત્રો પણ હોય છે એ ભૂલી જઈ આપણને ઠીક લાગે ત્યારે આપણે એને ગમે તે કામ ચીંધીએ, તો બાળકના વિકાસમાં અવરોધ અવશ્ય ઊભા થાય છે.

બાળકને વાત સાંભળવી અને વાત કહેવી ગમતી હોય છે. જગતનું બાલસાહિત્ય આ દૃષ્ટિએ ઘણું સમૃદ્ધ છે. બાળકની કક્ષાને અનુરૂપ ઘરમાં નાનકડું બાળપુસ્તકાલય જો વસાવી શકાય તો આવું પુસ્તકાલય અનેક રીતે બાળકના વિકાસમાં ફાળો આપી શકે. એ સાથે બાળકોને રોજ કુટુંબમાંથી કોઈ ને કોઈ વ્યક્તિ એકાદ નાનકડી વાત કહે તો બાળકોની કલ્પના, ઊર્મિઓ અને જીવનદૃષ્ટિને ઘણી મોટી પ્રેરણા મળે. 'રામાયણ' અને 'મહાભારત'ની કથાઓ તો બાળકોને ગળથૂથીમાંથી જ મળતી થવી જોઈએ.

આમ, ઘરમાં શાળા કરતાં પણ વધુ સમૃદ્ધ એવી કેટલી બધી શિક્ષણની સામગ્રી અને સુવિધાઓ રહેલી છે એનો ખ્યાલ આ થોડાક અછડતા નિર્દેશોથી પણ આવી શકશે. ❖❖❖

## ખાસ કાંઈ ફેર નથી !

‘‘**આ**વો માસ્તર.’’

‘‘હા, કલ્પનાબેન. અમારાં અરુણાબેન ક્યાં છે ?’’

‘‘બહાર શેરીમાં રમતાં હશે. જુઓને એમને કયાં પગ વાળીને બેસવું છે ? આખો દિવસ દોડાદોડી, ને ઘરમાં તો ધમાચકડી મચાવે છે. કોણ જાણે બાલમંદિરે તો શું યે કરતાં હશે !’’

‘‘બાલમંદિરે આવીને તો રમે છે ને મજા કરે છે; ત્યાંનાં કામો કરે છે.’’

‘‘પણ મને તો થાય છે કે આ બધાં કચ્ચાંબચ્ચાંને તમે રાખતા હશો કઈ રીતે ?’’

‘‘અમારે એમને કાંઈ ખાસ રાખવાં પડતાં નથી. એ તો એમની મેળે કામ કર્યે જાય છે.’’

‘‘કામ કરે ને રમે, એ બધી વાત સાચી; પણ એમને કાંઈ ભણાવવાનું ખરું કે નહીં ?’’

‘‘બાલમંદિરનાં જુદાં જુદાં કામ એવી રીતે ગોઠવેલાં હોય છે કે એમાં જ એમનું ભણતર થતું જાય છે.’’

‘‘આ અમારી અરુણાને તો કાંઈ આવડતું જ નથી. આટલા વખતથી બાલમંદિરે જાય છે, પણ હજુ કાંઈ શીખી નથી.’’

‘‘કેમ ? બાલમંદિરે આવતાં થયાં પછી અરુણાબેનમાં કાંઈ ફેર નથી લાગતો ?’’

‘‘ના રે ભાઈ, કંઈ ફેર નથી હજી તો દસ સુધીયે લખતાં આવડ્યું નથી.’’

‘‘દસ સુધી લખતાં આવડે તો જ ફેર પડ્યો કહેવાય ? એ નહીં આવડતું હોય, પણ બીજો કોઈ જાતનો ફેર એમના વર્તનમાં લાગે છે કે નહીં ?’’

‘‘મને તો કોઈ ફેર લાગતો નથી. તમે જ કહોને, કેવો ફેર ?’’

‘‘એ ઘેર જેટલો સમય રહે એ દરમ્યાન હાલવું-ચાલવું, ખાવું-પીવું, બીજાં ભાઈબહેન સાથે રહેવું - એ બધાંમાં બાલમંદિરે આવ્યા પછી કાંઈ ફેર લાગે છે ખરો ?’’

‘‘હા, એવું થોડું ખરું. ખાતી વખતે પહેલાંની જેમ કજિયા ન કરે, ને જમ્યા પછી ભાણાની આજુબાજુની જગ્યા સાફ કરે બસ, આટલો ફેર; બીજો ખાસ કાંઈ ફેર નથી.’’

‘‘પછી શેરીમાં બીજાં છોકરાં સાથે કેવી રીતે રહે છે ?’’

‘‘હા, એમાં પણ કાંઈક સમજણી થઈ લાગે. બાઝવા-કરવાનું હવે ઓછું થયું છે. બાકી બીજો તો કાંઈ ફેર નથી.’’

‘‘બાલમંદિરે પરાણે તૈયાર કરીને મોકલવાં પડે ?’’

‘‘ના, એમ તો હેમુભાઈ આવે તે પહેલાં જ તૈયાર થઈ જાય. હાથપગ ધોવાનું, કપડાં બદલાવવાનું ગમે. પણ બાકી તો કાંઈ ખાસ ફેર નથી.’’

‘‘બીજું કાંઈ ધ્યાનમાં આવ્યું છે ?’’

‘‘બીજું તો શું ? આ એકલી એકલી લીટી-બે-લીટી ગાયા કરે ને બધાં સાથે રમ્યા કરે. મોઢામાં આંગળાં-બાંગળાં હવે ઓછાં નાખે. બસ, બીજો કાંઈ ખાસ ફેર નથી.’’

‘‘ત્યારે બેન, આ તમે કહ્યા તે બધા ફેરફાર કાંઈ ઓછા કહેવાય ? બાળકોમાં સારી ટેવો પડે એ તો સારું ને ?’’

‘‘ભાઈ, ઈ તો છે જ ને !’’

થોડી બીજી વાતો કરીને હું છૂટો પડ્યો. પણ મારા કાનમાં પેલું ગુંજતું રહ્યું : ‘‘બીજો ખાસ કાંઈ ફેર નથી !’’

❖❖❖

## પગારવધારો !

**એ** વખતે હું બોચાસણ વલ્લભ વિદ્યાલયમાં રહેતો હતો. ત્યાં શિક્ષકોનો તાલીમવર્ગ ચાલતો હતો. રોજ સવારે તેનો એક વર્ગહું લેતો હતો. વર્ગમાં જાઉં ત્યારે શિક્ષકો રોદણાં રડે : ‘‘પેટનું પૂરું ન થતું હોય, ત્યાં અમે શું ભણાવીએ !’’ આમ રોજ મારી આગળ ઓછા પગારની ફરિયાદો કરતા રહે.

વિદ્યાલયમાં ચા-બીડી પીવાની મનાઈ હતી. એટલે એ શિક્ષકો નજીકમાં સ્ટેશન હતું ત્યાં હોટલમાં જઈને ‘કોપ’ કરી આવે. અને તલપ લાગે ત્યારે વિદ્યાલયની બાજુના ખેતરમાં ‘ગોળમેજી પરિષદ’ ભરીને બીડીના ધુમાડા ઉડાડે, એ મારા જોવામાં આવતું.

એક દિવસ, શિક્ષકોના પગાર વધારવાની યુક્તિ મને અચાનક સૂઝી ગઈ. સવારે હસતો હસતો હું વર્ગમાં ગયો ને શિક્ષકોને મેં કહ્યું, ‘‘આજે કોઈ પણ રીતે તમારો પગાર પંદર રૂપિયા તો વધારવો, એવું નક્કી કરીને આવ્યો છું. પણ તેમાં તમારી મદદ જોઈશે.’’ શિક્ષકો બધા રાજી રાજી થઈ ગયા ને કહેવા લાગ્યા, ‘‘બોલો, શી મદદ જોઈએ છે ?’’

મેં કહ્યું, ‘આજથી ચા-બીડી છોડો, એટલે તમારો પગાર પંદર રૂપિયા વધી જ ગયો સમજો. ચા-બીડીથી તમને કશો ફાયદો થતો નથી; નકામા પૈસા જ ખરચાય છે. એ છોડો ને બદલામાં દાણા-દૂધ-ઘી લાવીને ખાવ !’’

**રવિશંકર (મહારાજ) વ્યાસ**

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# ‘આધારસ્તંભ યોજના’

**આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦**

- શ્રીમતી મિનાક્ષીબેન કિશોરભાઈ સખીદા તરફથી ઉમરના ૭૫ વરસ પરિપુર્ણ થયાની ખુશાલીમાં હ. પોતે.
- હેઝલ ધર્મિલ ગોપાણી અને ધર્મિલભાઈ ગોપાણીની એનિવર્સરી નિમિત્તે જ્યોતિ રાજેશ શાહ તરફથી (હાલ કાંદિવલી)
- ઝાલાવાડ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી હસ્તે સી.વી. શાહ પ્રમુખ
- સુશીલાબેન ચંપકલાલ શાહ તરફથી (હાલ - પુના)

**મે ૨૦૨૬ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર**

**Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૫-૦૪-૨૦૨૬ પહેલા**

**શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

**Email : zalawadisabha@gmail.com**

**મે ૨૦૨૬ ના અંક માટે કુલ ૫ કલર પેઈજ બુક થયેલ છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**

**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**

**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે.**

**રવિવારે તકલીફ ન આપવી.**

**સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.**

**Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.**

**Colour Page ની જાહેરખબર રાહ ન જોતા તરતજ મોકલાવો.**

**ફક્ત ૧૨/૧૬/૨૦ પાનાં જ લેવામાં આવે છે.**

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શ્રીમતી ઈન્દુમતીબેન ધીરજલાલ છોટાલાલ શાહ સેનેટોરિયમ પંચગની નુતનીકરણ - ગજીબો માટે**
**તા. ૨૫-૦૨-૨૦૨૬ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **શ્રી વસંતલાલ નાનાલાલ સંઘવી પરિવાર** | **૫,૦૦,૦૦૦/-** |
| **શ્રી મહેન્દ્રભાઈ રતિલાલ અજમેરા પરિવાર** | **૫૦,૦૦૦/-** |

## સાભાર સ્વીકાર

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

પંચગીની સેનેટોરિયમ ખાતે ગીતાબેન પ્રફુલચંદ્ર કાંતિલાલ શાહ (હાલ-અંધેરી તરફથી) પંચગીની સેનેટોરિયમ - એક્ટીવીટી હોલના ઉદ્‌ઘાટન પ્રસંગે (તારીખ ૨૮-૨-૨૦૨૬) હસ્તે તેમની સુપુત્રી શ્રીમતી રાજશ્રી ભાવેશ વોરા તરફથી (હાલ - ઘાટકોપર)

પંચગીની સેનેટોરિયમ નિભાવ ફંડ રૂા.૨૧૦૦૦/-

વિણાબેન હર્ષદકુમાર ભોગીલાલ શાહ તરફથી (હાલ - વિલેપારલા) (પાણી પરબ ફંડ) રૂા. ૫૦૦૦/-

સ્વ. શ્રી હર્ષદભાઈ હિંમતલાલ શાહની ચોથી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે હસ્તે શ્રીમતી ભારતીબેન હર્ષદભાઈ શાહના સુપુત્ર પારસ તરફથી સુરેન્દ્રનગર નિવાસી (હાલ - મુંબઈ) રૂા. ૧૧૦૦/-

## વેવિશાળ

| | | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| **ડૉ. પાર્થ** | **ડૉ. પ્રાપ્તિ** | | |
| શ્રી નીતિનકુમાર લલીતકુમાર શાહ (અજમેરા) ના સુપુત્ર લીંબડી (રંગપુર) નિવાસી (હાલ-ઘાટકોપર) શ્રી સંદીપભાઈ ઉમાકાંત વૈદયની સુપુત્રી વડોદરા નિવાસી (હાલ - સુરત) | | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **પારસ** | **રિધ્ધી** | | |
| શ્રી પરેશભાઈ પ્રવિણચંદ્ર શાહના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ-ઘાટકોપર-ઈસ્ટ) શ્રી નિલેષભાઈ કાંતિલાલ સંઘવીની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ -મરિન લાઈન્સ-મુંબઈ) | | ૬૦૧ | ૬૦૧ |
| **કેનીલ** | **પ્રાચી** | | |
| શ્રીમતી જયનાબેન વિપુલભાઈ જયંતિલાલ શાહના સુપુત્ર ધોરાજી નિવાસી (હાલ - સાયન) શ્રીમતી મોનાબેન હિતેશભાઈ વિનુભાઈ સંઘવીની સુપુત્રી લીંબડી નિવાસી (હાલ - ચીંચપોકલી) | | ૫૧૧ | ૫૧૧ |

## પ્રભુતામાં પગલાં

| | | |
|---|---|---|
| **જય - જીલ** | | |
| શ્રી દીપકભાઈ રમણભાઈ દેસાઈના સુપુત્ર થરાદ નિવાસી (હાલ - બોરીવલી) શ્રી સંગમભાઈ દલીચંદભાઈ ગોપાણીની સુપુત્રી પાળીયાદ નિવાસી (હાલ - કાંદીવલી-ઈસ્ટ) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **દર્શીત - જાનવી** | | |
| અ.સૌ. સેજલબેન તથા શ્રી મનીષભાઈ વાડીલાલ વોરાના સુપુત્ર ગૌતમગઢ નિવાસી (હાલ-ઘાટકોપર) અ.સૌ. નીતાબેન તથા શ્રી કિશોરભાઈ હીરજીભાઈ ભદ્રાની સુપુત્રી બીટીયારી નિવાસી (હાલ-ઘાટકોપર) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **જીગર - મૈત્રી** | | |
| શ્રીમતી સ્નેહલબેન ચંદ્રેશ પ્રાણલાલ દોશીના સુપુત્ર રાણાગઢ નિવાસી (હાલ - ચાંદીવલી -પવઈ) શ્રી રાજેશભાઈ પિપલીયાની સુપુત્રી રાજકોટ નિવાસી (હાલ - અંધેરી -વેસ્ટ) | ૫૫૦ | ૫૫૦ |

## ''ભગવાનને મારે અખાડે મોકલજે !''

છોટુભાઈ પુરાણીના નાના ભાઈ અંબુભાઈ. ગુજરાતમાં અખાડાપ્રવૃત્તિના સ્થાપક તરીકે પુરાણીબંધુઓ ઘેરઘેર જાણીતા થયા. મોટા ભાઈએ અંબુભાઈને પણ વ્યાયામમાં તૈયાર કર્યા. છોટુભાઈની ભાવના એવી કે, હું મોટો એટલે મારું મોત પહેલું આવશે; એ વખતે અખાડાપ્રવૃત્તિ ચાલુ રાખવાની જવાબદારી અંબુભાઈ ઉઠાવી શકશે. માણસો આવે ને જાય, પરંતુ રાષ્ટ્રની પ્રવૃત્તિ તો અખંડિત ચાલુ રહેવી જોઈએ. એ માટે તે અંબુભાઈ પર મદાર બાંધી રહ્યા હતા.

પણ પછી બન્યું એવું કે અંબુભાઈને પોંડિચેરીનો સાદ સંભળાયો. ત્યાં જઈને અરવિંદ આશ્રમમાં પ્રભુની શોધમાં એ બેસી ગયા. છોટુભાઈની ગણતરી ઊંધી વળી ગઈ.

બેય ભાઈઓ વચ્ચે પ્રેમસંબંધ એવો ને એવો. ક્યારેક મળવાનું થાય ત્યારે અંબુભાઈને છોટુભાઈ કહેતા : ''તારા ભગવાનને મળવાની મને ફુરસદ નથી. તને એ ક્યાંય ભેટી જાય તો મારી સલામ કહેજે ને મારા અખાડા જોવા મોકલજે. મારા ભગવાન મારા અખાડામાં છે.'' ❖

# ભાર એના બલિદાન નો

શરદ મણીયાર



**અ**નુજાની કેબિનમાં પ્રવેશતા જ સિદ્ધાર્થે પ્રશ્ન કર્યો, ''કેમ અનુજા, આજે રવિવારે આમ અચાનક મને ઓફિસમાં બોલાવ્યો ?'' કારણ કે વાત બહુ જ ગંભીર છે''. અનુજાના સ્વરમાં કંપન હતી. ''શું થયું''. સિદ્ધાર્થનો ઉશ્કેરાટ વધ્યો, પણ અનુજા બે ઘડી ચૂપ રહી અને પછી સીધો ધડાકો કર્યો, ''હું પ્રેગનન્ટ છું''. "Whattt??". એની ખુરશી નીચે જાણે બોમ્બ ફૂટ્યો હોય એ રીતે સિદ્ધાર્થ ઉછળ્યો. પણ અનુજા વધુ ગંભીર સ્વરે આગળ બોલી, ''એમાં આટલું બધું ઉશ્કેરાઈ જવાની જરૂર નથી સિદ્ધાર્થ. છેલ્લા બે-બે વર્ષથી આપણે જે રીતે એકબીજામાં ઓતપ્રોત થઈ ગયા હતા તો એના ફળ સ્વરૂપે યહ તો હોના હી થા.'' ''પણ'', સિદ્ધાર્થ ની વાત અનુજાએ કાપી, ''હવે આ પણ અને બણ નહીં, સીધો મુદ્દા પર આવ. તું તારી વાઈફને હવે ક્યારે છૂટાછેડા આપવા માંગે છે એ હવે ફાઈનલી કહી દે. તું ખરેખર એને છોડવા માંગે છે કે નહીં ?''. અનુજાની સ્પષ્ટતાથી સિદ્ધાર્થ એટલો બધો હચમચી ગયો કે શું બોલું એ જ સમજાતું નહોતું ત્યાં જ અનુજા એ હવે જાણે એના ઉપર છેલ્લો મરણતોલ પ્રહાર કર્યો, ''જો તું એને છૂટાછેડા નહીં આપવાનો હોય તો હું આ બાળકને જન્મ નહીં આપું અને આપણી આ છેલ્લી મુલાકાત પૂરી થાય એ પહેલા તારું રાજીનામું આપીને કાયમ માટે મારી જિંદગીથી અને આ કંપનીમાંથી દૂર થઈ જજે''. અનુજા, આમ તો એના બોસ સી. કે. રાવની બીજી પત્ની હતી, ખૂબ જ સુંદર અને યુવાન હતી. પણ બે વર્ષ પહેલાં એમના આકસ્મિક મૃત્યુ બાદ આટલી મોટી કંપનીને સંભાળવા એકલી પડી ગયેલી અનુજાને તન મનથી સાથ આપવામાં ક્યારેય એના મન અને તન પર કબજો થઈ ગયો એનું સિદ્ધાર્થને ભાન જ ન રહ્યું હતું. કંપનીના કામના બહાને અન્ય શહેરો તથા વિદેશોમાં અવારનવાર સાથે જવાનું થતું જ રહ્યું. સિદ્ધાર્થ ની પત્ની ઉર્વશીને આ બધું અજુગતું લાગતું તો હતું જ પણ પોતાના દસ વર્ષના લગ્ન જીવન પર એને એટલી બધી આસ્થા હતી કે સિદ્ધાર્થની નિષ્ઠા પર એને ક્યારેય કોઈ નકારાત્મક વિચારે જ નહોતો આવ્યો. પણ બીજી તરફ સિદ્ધાર્થ અનુજાના મોહજાળમાં ફસાયા બાદ અવારનવાર એને એની પત્ની ઉર્વશીને છૂટાછેડા આપવા વચનબદ્ધ થતો જ ગયો હતો. પણ આજે હવે અનુજા ની આ પરિસ્થિતિમાં એના સ્પષ્ટ સવાલના જવાબ આપવાની જવાબદારી માંથી એને છૂટવું અશક્ય લાગ્યું એટલે એ હવે દ્રઢ નિશ્ચય કરીને બોલ્યો, ''નહીં અનુ, પ્લીઝ તું એવું કંઈ નહીં કરતી. હું આજે જ ઉર્વશી સાથે છૂટાછેડા ની વાત કરી લઈશ''. એટલું કહીને સિદ્ધાર્થ ઘરે જવા રવાના થઈ ગયો. ઘરે આવ્યો ત્યારે ઉર્વશી એ એના ચહેરા પર ઉપસી આવેલી ચિંતાની કરચલીઓ જોઈને પૂછયું, ''સિદ્ધ, કેમ આજે આટલા ચિંતિત દેખાવ છો તમે ?''. ''મારે તને કંઈ વાત કહેવી છે''. સિદ્ધાર્થે જવાબ આપ્યો તો ઉર્વશી પણ બોલી ઉઠી, ''ઓહ, મારે પણ તમને એક વાત કહેવી છે''. પણ સિદ્ધાર્થે ઉચાટમાં જવાબ આપ્યો, ''ના ઉર્વી, પહેલા તારે મારી વાત સાંભળવી પડશે, તું બેસ હું જરા ફ્રેશ થઈને આવું છું''. ઉર્વશી ચૂપ રહી અને સોફા ઉપર બેસી ગઈ. પણ સિદ્ધાર્થ પાછો આવ્યો તો પણ તેના ચહેરો ફ્રેશ નહોતો લાગતો એટલે ઉર્વશી એ આગ્રહ પૂર્વક સિદ્ધાર્થ નો હાથ પકડીને પૂછ્યું, ''સિદ્ધ, શું વાત છે, કેમ તમે આટલા બધા ગંભીર છો ?'' ''મારે હવે તને છુટાછેડા આપવા છે''. ઉર્વશીને લાગ્યું કે અણુબોમ્બ સમાન સિદ્ધાર્થના આ પ્રહારે એક ક્ષણમાં એમના ૧૨ વર્ષના લગ્ન જીવનને જાણે છિન્નભિન્ન કરી નાખ્યું. એનો હાથ છોડીને ઉર્વશીએ પોતાની જાતને સંભાળવાની કોશિશ કરી કારણ કે એ સોફા પર બેઠેલી હોવા છતાં એને લાગ્યું કે હમણાં એને ચક્કર આવી જશે અને જમીન પર પછડાઈ જશે એ એટલું બધું ડઘાઈ ગઈ હતી એટલે પોતાની બંને આંખો પહોળી કરી ફક્ત એટલું જ પૂછ્યું, ''અનુજા'' ? ''હા'', અને સિદ્ધાર્થે હવે શરણાગતિ સ્વીકારી લીધી અને પોતાની સંપૂર્ણ પ્રેમ કહાની ઉર્વશીને સંભળાવી દીધી. ઉર્વશીના મન મસ્તક પર જાણે લાગણીઓના ઘોડાપૂર ઉમટી આવ્યા અને ધોધ બનીને એની આંખોમાંથી વહેવા લાગ્યા. ગળે ડૂમો ભરાઈ ગયો એટલે અવાક્ બનીને થોડી ક્ષણ નતમસ્તકે બેસી રહી. સિદ્ધાર્થે પોતાના લમણે હાથ ધરીને એને એકીટસે જોયા કર્યું અને એના જવાબની રાહ જોવા માંડ્યો, પણ પછી એણે જ ચુપકીદી તોડી, ''ઉર્વી, એક મહિના પછી આપણા છુટાછેડા થાય એ પહેલા આ ફ્લેટ હું તારા નામે કરી નાખીશ અને એક ખાસ્સી એવી

મોટી રકમ પણ તારા નામે બેન્કમાં મૂકી દઈશ એટલે તારું અને આપણા દીકરા આરવ નું ભવિષ્ય એકદમ સુરક્ષિત રહેશે. એ સિવાય તારી કઈ વધુ ઈચ્છા હોય તો એ પણ જણાવી દે, હું એ સ્વીકારવા તૈયાર છું''. જોકે ઉર્વશીને પણ કંઈક કહેવું હતું એ વાત હવે એની મનની મનમાં જ રહી ગઈ અને ડગમગતા પગે ઊભી થઈ અને પોતાના બેડરૂમ તરફ જવા માંડી તો સિદ્ધાર્થે ફરી પૂછ્યું, ''ઉર્વી, તારી જે પણ ઈચ્છા હોય તો મને કહી દેજે પ્લીઝ.'' તો ઉર્વશી એની સામે જોયા વગર ફક્ત એટલું જ બોલી, ''હું વિચારીને આવતીકાલે જણાવીશ''. બસ આટલું જ કહીને એ ચાલી ગઈ. અજંપા ભરેલી એ કાળી રાત બંને માટે લગભગ ઊજાગરામાં જ વીતી ગઈ. વ્હેલી સવારે રાબેતા મુજબ સિદ્ધાર્થે ઓફિસ જવા અને રસ્તે જતા પોતાના દીકરા આરવને સ્કૂલમાં મૂકવા ઘરની બહાર પગ મૂક્યો તો ત્યાં જ પાછળથી ઉર્વશીનો અવાજ સંભળાયો, ''સિદ્ધાર્થ, શું હું પણ આજે તમારી સાથે આરવને સ્કૂલમાં મૂકવા આવી શકું ?'' તો સિદ્ધાર્થે ધીમું મુસ્કાઈને હામી ભરી. જેવી એણે પોતાની કાર સ્ટાર્ટ કરી ત્યારે ઉર્વશી એ એનો ડાબો હાથ પકડી લીધો અને બોલી, ''બસ આજથી આવતા એક મહિના સુધી આપણે આ જ રીતે આરવ ની સ્કૂલ સુધી સાથે જઈશું તો તને વાંધો નથી ને, કાલે રાત્રે થયેલી આપણી વાતચીતના સંદર્ભમાં મારી ફક્ત આટલી જ ઈચ્છા છે''. આ વાત સાંભળીને આરવ ખુશી થી ઝુમી ઉઠ્યો અને તાળીઓ પાડીને બોલ્યો, ''યસ મમ્મી, ગુડ આઈડિયા''. કાર ઓટોમેટીક હોવાથી પોતાના ડાબા હાથ ને ઉર્વશી તેના જમણા હાથે પકડી રાખશે તો પણ ગાડી ચલાવવામાં કોઈ તકલીફ નહીં પડે એટલે એણે પણ સંમતિ આપી દીધી. શરૂઆતમાં સિદ્ધાર્થને આ બધું થોડું અજુગતું લાગી રહ્યું હતું અને અનુજા એ પણ આ વાતને તદ્દન વાહિયાત અને હાસ્યાસ્પદ ગણાવી હતી. પણ કોણ જાણે કેમ સિદ્ધાર્થના આંતર મનમાં એક અલગ પ્રકારની મીઠી સંવેદના જાગવા માંડી હતી. પ્રત્યેક દિવસે જ્યારે આરવ ના સ્કૂલ સુધી એ ઉર્વશી નો હાથ પકડીને ફક્ત ૧૦ થી ૧૨ મિનિટનું અંતર કાપતો હતો ત્યારે એમના લગ્ન જીવનમાં છેલ્લા બે વર્ષમાં આવી પડેલું અંતર ટૂંકું થઈ રહ્યું હોય એવું એને લાગવા માંડ્યું હતું અને આમ દરરોજ એક અલગ પ્રકારની ઉત્તેજના એ અનુભવી રહ્યો હતો અને એના દીકરા આરવ ના ચહેરા પરની ખુશી જાણે આકાશને આંબી રહી હોય એટલો એ ખુશ લાગી રહ્યો હતો. આજે ૨૮મો દિવસ હતો અને ઉર્વશી સાથેની શરત મુજબ ત્રીસ માં દિવસે એણે છૂટાછેડાના કાગળિયાંઓ ઉપર સ્વેચ્છાએ સહી કરીને સિદ્ધાર્થને મુક્ત કરવાનો હતો. એટલે એ કાગળિયાઓ જ્યારે અનુજા એ સિદ્ધાર્થના હાથમાં આપ્યા ત્યારે સિદ્ધાર્થે એના વળતા જવાબ રૂપે અનુજાના હાથમાં એક કવર આપ્યું તો અનુજાએ આશ્ચર્ય સહ પૂછ્યું, ''શું છે આ કવરમાં ?''. તો સિદ્ધાર્થે ખૂબ જ દ્રઢતા પૂર્વક જવાબ આપ્યો, ''મારું રાજીનામું છે''. અનુજાને એના માથા ઉપર જાણે વિસ્ફોટ થયો હોય એ રીતે હેબતાઈ ગઈ અને અચરજભરી નજરે એ સિદ્ધાર્થને જોવા લાગી તો સિદ્ધાર્થે આગળ ચલાવ્યું, ''સોરી અનુ, હું મારી વાઈફને નહીં છોડી શકું એટલે તને અને તારી કંપનીને કાયમ માટે છોડીને જાઉં છું. શક્ય હોય તો મને માફ કરી દેજે.'' આ સાંભળતા જ અનુજાનો ગુસ્સો એની ચરમસીમાં લાંઘી ગયો અને ઉભી થઈને એટલા જ જુસ્સાથી સિદ્ધાર્થના ગાલ ઉપર એક સણ સણતો લાફો મારી ને બોલી, ''માફ નહીં સિદ્ધાર્થ હવે તને હું સાફ કરી દઈશ અને તારું કરિયર બરબાદ કરી નાખીશ.'' અનુજાના આ પ્રત્યાઘાતની પરવા કર્યા વગર એ ત્યાંથી રવાના થઈ ગયો અને એક પહાડ જેટલો મોટો બોજ માથા પરથી હટી ગયો હોય એવી હળવાશ અનુભવી જ્યારે એ એક ફૂલોના ગુલદસ્તા વ્હેંચવા વાળા ની દુકાન પાસે ઉભો રહ્યો અને દુકાનદારને એક સૌથી સુંદર બુકે આપવા માટે વિનંતી કરી ત્યારે એ દુકાનદારે એક સરસ મોટો ફક્ત સફેદ ગુલાબ નો ગુલદસ્તો એને હાથમાં આપીને પૂછ્યું સાહેબ, ''આના પર શું મેસેજ લખું'' ? ત્યારે સિદ્ધાર્થે એટલું જ લખાવ્યું ''વ્હાલી ઉર્વી, હવે તો આપણને મોત જ જુદા કરે તો જુદા થઈશું''. અને એણે જેવી ગાડી સ્ટાર્ટ કરી તો ત્યાં જ એનો ફોન રણક્યો. આરવ ના રડવાનો અવાજ હતો, ''પપ્પા તમે જલ્દીથી ઘરે આવો. મમ્મીને કંઈ થઈ ગયું છે''. મનની ખુશી માતમમાં ફેરવાઈ ગઈ જ્યારે એણે ઘરે પહોંચીને ઉર્વશીને પથારીમાં નિષ્ચેતન અવસ્થામાં જોઈ અને હાજર રહેલા ફેમિલી ડોક્ટરના મુખેથી સાંભળ્યું કે, “she is no more”. સિદ્ધાર્થના શરીરમાં વહેતું લોહી જાણે થીજી ગયું અને પગ તળે ખાઈ સર્જાઈ ગઈ, આંખે અંધારું છવાયું પણ એટલું જ બોલી શક્યો, ''ડોક્ટર સાહેબ, કેમ આમ અચાનક શું થઈ ગયું ઉર્વશીને ?''. તો ડોક્ટર બોલ્યા, ''સિદ્ધાર્થ, આમ અચાનક કાંઈ નથી થયું. કેમ તમને ખબર નહોતી કે એક મહિના પહેલા જ મેં મેડમને જણાવ્યું હતું કે એમનું બ્લડપ્રેશર ખૂબ જ હાઈ થઈ ગયું હતું અને કાર્ડિયોગ્રામ માં એમ જણાયું હતું કે એમના હાર્ટની કાર્યક્ષમતા ઘણી જ ઓછી થઈ ગઈ છે, એટલે કદાચ તરત જ ઓપરેશન કરાવવું પડશે. પણ શું એમણે તમને આ વાત કરી નહોતી ?''. અને ત્યાં જ સિદ્ધાર્થને

યાદ આવ્યું કે એક મહિના પહેલા જ્યારે એ છૂટાછેડા ની વાત કહેવા ગયો હતો ત્યારે ઉર્વશી પણ એને એક વાત કહેવા માંગી હતી પણ એણે જ એને રોકી હતી અને પછી એણે આ વાત ક્યારેય ન કરી અને પોતાના થી છુટા થવાના આઘાતમાં એણે જાણી જોઈને પોતાનો ઈલાજ કરાવવાનું ટાળ્યું અને આરવ મારા પાપો થકી મને સદા કોસતો ન રહે અને મારી સાથે નફરત ન કરે એટલે એણે આમ હાથમાં હાથ પરોવી ને સ્કૂલ સુધી જવાનું નાટક કર્યું. સિદ્ધાર્થ હવે જાણી ચૂક્યો હતો કે ઉર્વશીના આ બલિદાન ના ભાર માંથી એ ક્યારેય મુક્ત નહીં થઈ શકે.

❖❖❖

# ઉતાવળમાં અધીરાઈ, સમતામાં સંયમ

એમ. જે. દેસાઈ

**એ**ક પ્રસંગે એક વ્યક્તિને ત્યાં કામ પ્રસંગે જવાનું બન્યું, ત્યારે મારી દૃષ્ટિ દિવાલ પર લગાડેલ એક ચિત્ર તરફ ગઈ. તે એક તસ્વીર હતી અને તેની ઉપર મોટા અક્ષરે લખ્યું હતું - 'જરા ધીમે...' આ શબ્દો વાંચીને મને આશ્ચર્ય થયું. મારા મનનું સમાધાન કરવા મેં તેને પૂછ્યું, 'અહીં જરા ધીમે...' લખવાનું પ્રયોજન શું છે ?

તેણે હસીને જવાબ આપ્યો, 'આ યુગ છે ઝડપનો, ગતિનો. ચાલો તો ઝડપથી, સાઈકલ ચલાવો તો પણ તે જલદી, બહાર ગામ જવું હોય તો ઘણા વિચારે છે, ટ્રેનમાં બહુ સમય લાગશે, વિમાનમાં જલદી પહોંચાશે. જમવા બેસીએ ત્યારે ખાઈએ છીએ - પણ ઉતાવળે. ટ્રેઈનનો ટાઈમ થઈ ગયો છે. ચોક્કસ ટ્રેન પકડવી જ જોઈએ.' જલદીનો આ રોગ આપણા લોહીમાં પ્રવેશી ગયો છે, એટલે દરેક વાતમાં, દરેક પ્રસંગે આપણે કહીએ છીએ - 'જલ્દી કરો.' લગ્ન પ્રસંગે ગોર મહારાજને પણ કહી દઈએ છીએ કે - 'ગોર મહારાજ! ફેરા જલદી ફેરવી દેજો. અમારે જલદી શીખ આપીને જાનને વિદાય કરવાની છે. દરેક વાતમાં આપણો જીવનમંત્ર બની ગયો છે - 'જલદી કરો, ઉતાવળ કરો, ઝડપ બોલાવો.'

આટલી પ્રાથમિક વાત કરીને પછી તેમણે ઉમેર્યું - 'આ જલદી'ની મનોવૃત્તિમાંથી બચવા 'જરા ધીમે....'નું ચિત્ર મેં મારી નજર સમક્ષ રાખ્યું છે. આ ચિત્ર મને વાતમાં કે કામમાં ઉતાવળ નહિ કરવાની સતત ચેતવણી આપે છે.

કામ પૂરૂં થયું એટલે મેં રજા લીધી, પરંતુ 'જરા ધીમે...' શબ્દોએ મને વિચાર કરતો કરી મૂક્યો.


આજના માનવીનો જીવનમંત્ર 'જલ્દી કરો, ઉતાવળ કરો, ઝડપ બોલાવો' બની ગયો છે તેના દૃશ્યો મારી સમક્ષ એક પછી એક ખડા થવા લાગ્યા.

- ફળ કુદરતી રીતે પાકે તે આપણને પરવડતું નથી. તેટલો સમય થોભવા આપણે તૈયાર નથી. પાવડર નાંખીને આપણે ફળને જલદી જલદી પકડવા પ્રયત્ન કરીએ છીએ.
- જમીનમાં પાક કુદરતી રીતે તૈયાર થાય, તેની રાહ જોવાની આપણી ધીરજ નથી. કૃત્રિમ ખાતર વડે વર્ષમાં વધુમાં વધુ પાક લેવા આપણે પ્રયત્ન કરી છીએ.
- આપણે મોટરમાં જતા હોઈએ ત્યારે ગાડીને ઓવરટેક કરીને પણ આગળ નીકળી જવા પ્રયત્ન કરીએ છીએ.
- માંદગી આવે ત્યારે પણ આપણે ડોક્ટરને કહીએ છીએ કે - જેમ બને તેમ મને જલદી સાજો કરી દો. મારા ઘણા જરૂરી કામો અટકી પડ્યા છે. જરૂર લાગે તો સ્ટ્રોંગ દવા આપો, ઈન્જેક્ષનની જરૂર હોય તો ઈન્જેક્ષન આપી દો, પણ હું જલ્દી કામે લાગી જાઉં તેમ કરો. સ્ટ્રોંગ દવાનુ રી-એક્શન આવતું હોય તો ભલે આવે, પણ જલ્દી સાજો કરી દો.' આયુર્વેદિક, હોમિયોપથી, નેચરોપથી સારવાર ધીરજ માગે છે, પણ તે જોઈતી ધીરજ રાખવા મોટો ભાગ તૈયાર નથી હોતો.
- રસોઈ પાછળ વધુ સમય ન જાય તે માટે Instant Food Packets નો ઉપયોગ કરાઈ રહ્યો છે. 'પાંચ મિનિટમાં રસોઈ તૈયાર' એ સૂત્રનો પ્રચાર વધતો જાય છે. તૈયાર પેકેટોમાં સત્ત્વ છે કે નહિ ? ભક્ષ્ય છે કે અભક્ષ્ય ? એ જોવાની કોઈને પડી નથી. સૌ કોઈ માગે છે - 'પાંચ મિમિટમાં રસોઈ તૈયાર !'
- નીતિ અને પ્રમાણિકતા વડે ધન ઉપાર્જન કરવા કોઈ ઈચ્છતું નથી. સૌ કોઈ 'યેન કેન પ્રકારેણ' ધન ઉપાર્જન કરીને જલદી પૈસાદાર થવા ઈચ્છે છે. તે માટે રાત-દિવસ એક કરે છે. તંદુરસ્તીને ભલે અસર થાય, ઊંઘ ભલે હરામ થઈ જાય, પણ સૌ કોઈ જેમ બને તેમ જલદી પૈસાદારોની હરોળમાં ઊભા રહેવા તલપાપડ બનેલા જોવા મળે છે.

'જલદી કરો, ઉતાવળ કરો, ઝડપ બોલાવો' ના પ્રસંગો જિંદગીના સત્વને હણી નાખે છે.

❖❖❖

# ગોરો ઝૂલો !



હરિશ્ચંદ્ર

**એ** અધીરાઈ અને ખિન્નતાથી બાગમાં રમી રહેલ બાળકોને જોઈ રહ્યો હતો. હાથમાં ઈસ્ત્રી કરેલાં કપડાંની પોટલી હતી. હીંચકો ઉપર જતાં બાળકો કિલ્લોલી ઊઠતાં, અને એના મનમાં કાંઈનું કાંઈ થઈ જતું. ત્યાં તો, 'એય, કાળા વાંદરા ! શું જોઈ રહ્યો છે ?' એક છોકરો બરાડ્યો, અને હાથમાં ઈંટનો ટુકડો લઈ એની બાજુના થાંભલામાં માર્યો. એ સમસમી ઊઠ્યો. પણ પછી હોઠ ઉપર ઊડેલ ઈંટના ભૂકાને થૂંકી નાખી એ આગળ વધ્યો.

તે દિવસ એને બાગમાંથી કાઢી મૂક્યો, ત્યારે આ જ ગોરો છોકરો બાજુમાં ઊભો હતો. પોતે ચુપકીદીથી બાગમાં ઘૂસી જઈને હીંચકા ખાવા લાગ્યો હતો. હીંચકો ઊંચે ને ઊંચે જઈ રહ્યો હતો. એ કેટલો બધો ખુશ હતો ! ત્યાં હીંચકો નીચે આવતાં જ એક સખત હાથ એના ખભા ઉપર પડ્યો : 'ચાલ્યો જા અહીંથી ?'

'શા માટે જાઉં ? મેં શું કર્યું છે ?'

'કેમ, બહાર નીકળવું છે કે નહીં ?' અને ખિલખિલાટ હસતાં-રમતાં અન્ય બાળકો વચ્ચેથી ચોકીદાર એને કાન પકડીને ગેટ સુધી લઈ ગયો. અને બાગની બહાર હડસેલીને બોલ્યો, 'જો, આ પાટિયું નથી વંચાતું ? ફરી કદી આવ્યો તો ખેર નથી !'

''ફક્ત ગોરાં બાળકો માટે'' - એ પાટિયું એની સામે આજે પણ તે દિવસની જેમ જ ઘૂરકી રહ્યું હતું. મુઠ્ઠી વાળીને એ ચાલવા લાગ્યો. કપડાંનું પોટલું ઘડીભરમાં બેવડું વજનદાર થઈ ગયું હતું. હીંચકે ઝૂલતાં બાળકો એની આંખ સામેથી ખસતાં નહોતાં. અને એ હીંચકાની સાથે એનું મન પણ ઝોલે ચડયું હતું : 'હું જરીક ઝૂલી લેત, તો શું હીંચકો ગંદો થઈ જાત ?'

રોજના ટેવાયેલા પગ એને અંગ્રેજ મેડમના બારણા સુધી લઈ આવ્યા. 'બધાં જ કપડાં લાવ્યો છે ને ?'

'હા, મેડમ !' વિચાર-તંદ્રામાંથી જાગીને એણે કહ્યું.

'તેં કાંઈ ખાધું છે કે નહીં ?'

'ના જી !'

'એને દૂધ અને ખાવાનું આપ !' મેડમે પ્રેમપૂર્વક પોતાની આફ્રિકી નોકરાણીને કહ્યું. આ પ્રેમમાં નાહીને એ ઘડીભર પોતાનું દુ:ખ વીસરી ગયો. છેલ્લે મેડમે કહ્યું : 'આ દસ શિલિંગ તારી માને આપજે અને આ છ પેન્સ તારા માટે. અને જો, તારી માને કહેજે કે મહિના માટે હું બહારગામ જાઉં છું.'

છ પેન્સ મળવાથી એ રાજી થઈ ગયો હતો. પણ પાછાં ફરતાં બાગ આવતાં ફરી એનું મન ખાટું-ખાટું થઈ ગયું. 'બધું જ જાય ખાડમાં ! આ બાગ, આ બાળકો, આ હીંચકો, બધું જ !' એ જોરથી બરાડ્યો. ક્રોધમાં એણે તારની વાડને જોર-જોરથી હલાવી, કચરાપેટીને લાત મારી અને મૂઠી વાળીને દોડ્યો. એની આંખ ઊભરાઈ આવી. રસ્તે દોસ્ત મળ્યો. 'કેમ, બાયલા ! રડે છે ?'

'નાના, એ તો આંખમાં કચરું પડયું'તું.'

એ ઘરે પહોંચ્યો. મહિના સુધી કપડાં ધોવા નહીં મળે એ જાણી મા ખિન્ન થઈ ગઈ. માનું મોઢું જોઈ એની પણ ખિન્નચા વધી. એ ખાવા બેઠો, પણ ખાવામાં એનું મન ચોંટ્યું નહીં. જેમ તેમ કોળિયા ભરી પથારીમાં પડ્યો. આંખ મીંચીને પડયો રહ્યો. કેમેય કરી ઊંઘ ન આવી. તેવામાં એકાએક એના ભેજામાં એક યોજના ઝબકી. ચુપકીદીથી એ ઘરની બહાર નીકળ્યો, અને બાગ ભણી દોડ્યો. ચારેકોર અંધારું ઘોર હતું. બાગ સૂનકાર હતો. વાડ કૂદીને એ અંદર ગયો અને સીધી ઝૂલા ભણી દોટ મૂકી. અત્યારે એને રોકનાર કોઈ નહોતું. ઉન્મુક્ત પક્ષીની જેમ એ ઝૂલા પર ઝૂલવા લાગ્યો. ઝૂલો ખૂબ ઊંચે ગયો, ખૂબ ઊંચે ! જાણે આકાશને અડી જશે. એ ખૂબ ખૂબ પ્રસન્ન હતો.

ત્યાં તો દૂરથી એક કાળી આકૃતિ હાથમા ટોર્ચ સાથે આવતી દેખાઈ. પણ એ નજીક આવતી ગઈ તેમ તેમ એ વધુ ને વધુ ઊંચે ઝૂલવા લાગ્યો.

'અરે, તો તું જ છે ? મેં તને ના કહી હતી ને ?'

'આ ઝૂલા પર ઝૂલવાની મને ખૂબ ઈચ્છા હતી.'

ઘડીક વાર તો ચોકીદારને થયું કે પેટ ભરીને એને ઝૂલી લેવા દે. પણ કયાંક પકડાઈ જાય, તો પોતાની નોકરી જાય.

'ચાલ નીચે ઊતર, નહીં તો પોલીસને બોલાવીશ !'

પરંતુ એ ઝૂલતો જ રહ્યો, ઝૂલતો જ રહ્યો. 'મમ્મી મમ્મી !......' એનો અવાજ ઝૂલાના જેટલો જ ઊંચો થતો જતો હતો. ઊંચો, ખૂબ ઊંચો. અને પછી બંને મળીને એક થઈ ગયા. ગેટ પરનું પાટિયું હજી ઘૂરકિયાં કરતું એમનું એમ ઊભું હતું !

(શ્રી જેમ્સ મેથ્યૂની આફ્રિકન વાર્તાને આધારે)

# શ્રદ્ધા જીવનપથને ઉજ્જ્વળ બનાવે

અવંતિકા ગુણવંત

નિશાળામાં જતી પલક કહી રહી છે, ''આ શું રોજરોજ પ્રાર્થના કરવાની ? અમારાં ઘરમાં મારાં દાદાદાદી રોજ મંદિર જાય, દર્શન, પૂજા, પ્રાર્થના કરે, મારી મમ્મી કોઈ વાર તહેવાર હોય તો જાય પણ હું ને મારા પપ્પા કદી મંદિરે જઈએ નહીં.''

કુંતલ કહે, ''મારા પપ્પા કહે છે, ભગવાન છે જ નહીં, આ દેવદર્શન, પ્રાર્થના બધું તૂત છે. નવરા લોકોના ધંધા છે.''

આજની નવી પેઢીને જિંદગીની દોડાદોડમાં રોજેરોજ દેવદર્શન કે એકી આસને બેસીને પ્રાર્થના કરવાનો વખત નથી હોતો. વળી કેટલાક લોકો કહે છે કે ભગવાનમાં શ્રદ્ધા છે પમ તેથી રોજ દર્શન કરવા મંદિરે જવું પડે, પ્રાર્થના કરવી પડે એવા બાહ્ય આચરણમાં અમને શ્રદ્ધા નથી. હમણાં હમણાં વધી પડેલા ખોટા કર્મકાંડ અને બાહ્ય દેખાડાના લીધે કેળવાયેલા લોકોને ધર્મમાંથી ય શ્રદ્ધા ઊઠતી જાય છે, તેઓ ઈશ્વરમાં શ્રદ્ધા અને પ્રાર્થનાની ય અવગણના કરે છે. ધર્મના બાહ્ય આડંબરથી વિમુખ થવાની સાથે સાથે તે લોકો પ્રાર્થનાના હાર્દને પણ ભૂલી જાય છે એ ચિંતાજનક બાબત છે. પ્રાર્થના આધ્યત્મ સાથે જોડાયેલી છે. પ્રાર્થનામાં ગવાતાં ભજનો અને ભક્તિગીતો આપણને તાકાત આપે છે. આપણે શંકા-કુશંકા રહિત થઈએ છીએ, આશાવાદી બનીએ છીએ અને જીવનમાં આવી પડેલી તકલીફો સામે લડી શકીએ છીએ. આપણા ચિત્તમાં પરંપરાગત ઈશ્વરશ્રદ્ધા તો છે જે પણ અત્યારે એ હાંસિયામાં ધકેલાઈ ગઈ છે, પણ દિવસના



ગમે તે સમયે, ગમે તે સ્થળે ઈશ્વરને યાદ કરવાથી આપણામાં અદ્ભૂત બળનો સંચાર થાય છે, જે જીવન જીવવા જરૂરી છે. સાઠ વર્ષનાં સુવીણાબહેનના માથે ઘરની ઘણી જવાબદારી છે, વળી એ એક સંસ્થા સાથે જોડાયેલા છે. તેથી એમને એક આસને નિયત સમયે બેસીને ઈશ્વરસ્મરણ કરવાનો વખત નથી, કેટલાક લોકો કહે છે, એમનું જીવન પૂરું થવા આવ્યું તોય ભગવાનનું નામ લેવાનું સૂઝતું નથી. સુવીણાબહેન કશું બોલતા નથી, પણ એ સમજે છે કે હું મારું કામ કરતાં કરતાં પ્રભુને યાદ કરું છું અને મને લાગે છે કે પ્રભુ મારી સાથે જ છે. હું રસોઈ કરતાં ય એને જ યાદ કરું છું ને મારી સાસુ જે અશક્ત છે, એમને નવડાવતાં, માથું હોળતાં પ્રભુની જ વાતો કરું છું. મારા સાસુ કહે છે, તારા મોંએ ભગવાનનું નામ સાંભળીને એની કૃપાની વાતો સાંભળીને મને ખાતરી છે કે હું ચોક્કસ સાજી થઈશ, ફરી એકવાર હું હરતી ફરતી થઈશ અને મારી જાતે નાહીશ અને માથું હોળીશ. સાવ કૃશ થઈ ગયેલા સાસુમાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા દઢ થતી જોઈને સુવીણાબહેનના આનંદનો પાર નથી રહેતો. તેઓ કહે છે જુઆએને અમે બાથરૂમમાં ઈશ્વરને યાદ કરીએ છીએ ત્યારે ઈશ્વર સાંભળે છે ને ? ઈશ્વર એવું નથી કહેતા કે તું મંદિરમાં આવીને મને યાદ કરે તો જ તારી વાત સાંભળું. આખો દિવસ ઘરની ચાર દીવાલમાં રહેનાર રેખાબહેન કહે છે, મારાં છોકરાં સ્કુટર લઈને બહાર ગયાં હોય અને એમને આવતાં મોડું થાય તો મારા મનમાં કેટલાય ખરાબ વિચાર આવી જાય પણ હું એ વિચારોને સ્ટોપ કહી દઉં છું ને જીભે જે ચડે એ ભજન રટવા મંડી પડું ને તરત અશુભ વિચાર ગાયબ થઈ જાય અને હું જે કામ કરતી હોઉં એ એકાગ્ર ચિત્તે કરી શકું છું. મેં તો મારા દીકરાના દીકરાને પમ ભગવાનને યાદ કરવાની ટેવ પાડી છે. ઈશ્વરનું નામ લઈને શંકા, કુશંકા ગાયબ થઈ જાય છે. ઈશ્વરસ્મરણથી ઈશ્વરમાં શ્રદ્ધા જાગે છે અને આપણી વિચારસરણી હકારાત્મક બને છે. ભજન અને ભક્તિગીતોથી ઘણાનાં જીવન બદલાઈ જાય છે, મારી બા કંઈ ચિંતામાં આવી જાય તો તરત ગાતી, 'જે ગમે જગતગુરુ દેવ જગદીશને તે તણો ખરખરો ફોક કરવો.' એ અમને ય કહે, આપણે તો પ્રયત્ન કરવાના પછી બધું ઉપરવાળા પર છોડી દેવાનું એ સુધારી લે.

મારી બા ની ઈશ્વર પરની શ્રદ્ધા અચળ હતી. તેથી તે કદી ચિંતાથી બહાવરી ના બની જતી, કે તકલીફોથી ઘેરાઈ જાય તોય હતાશ ન થઈ જતી. એના લીધે આખા ઘરનું વાતાવરણ સ્વસ્થ અને પ્રફુલ્લિત રહેતુંય મારી બા કદી વ્રત-ઉપવાસ ન કરતી, દેવદર્શન કે વ્યાખ્યાનમાં ન જતી, કે પૂજા-પાઠ ન કરતી. એ કહે ઈશ્વર તો આપણી અંદર જ છે, આવા શબ્દો એ બોલવા ખાતર

ન બોલતી પણ દઢપણે માનતી હતી. મારા બાપુજીને કેન્સર થયું ત્યારે ય એનો આશાવાદ અમર હતો. બાપુજીને કેન્સરની બધી ટ્રીટમેન્ટ કરાવી તે દઢ આશાભર્યા મનથી એટલે બાપુજીને ય હિંમત રહી અને કેન્સર મટ્યું. તે પછી પૂરા અઠાવીસ વર્ષ તેઓ જીવ્યા. એમનું અવસાન વૃદ્ધત્વના લીધે થયું. પંચ્યાશીમાં વરસે.

બાળક નાનું હોય ત્યારે મા-બાપની છત્રછાયા હોય છે તેથી તે સલામતી અનુભવે છે. પણ જેમ જેમ એ મોટું થતું જશે એમ એનું સ્વતંત્ર જીવન શરૂ થશે. એની જવાબદારીઓ વધશે અને તકલીફો પણ આવશે. ત્યારે જો એનામાં શ્રદ્ધાનું સિંચન થયું હોય તો એ ભાંગી નથી પડતું. મા-બાપ અને શિક્ષકે બાળકમાં શ્રદ્ધાનું સંસ્કારોના પાયા પર સાચી ધાર્મિકતાની ઈમારત ચણાય તો ખોટા તનાવ દૂર થશે. આપણે બાળકના ઈશ્વર સંબંધી બધા પ્રશ્નોના જવાબ આપીને એના મનનું સમાધાન કરવું જોઈએ. ભગવાનના ડરથી નહીં પણ સાહજિક શ્રદ્ધાથી ઈશ્વરનું સ્મરણ થઈ જાય એવી માનસિકતા કેળવાવી જોઈએ. તો ધીરે ધીરે મન શુભ સંકલ્પવાળું બનશે. આપણે માનવજાતિનો ઈતિહાસ તપાસીએ તો ખ્યાલ આવશે કે માનવજાતિનો ક્રમિક વિકાસ થતો જ રહ્યો છે. આપણું સ્વપ્ન છે એક ઉત્તમ, મુક્ત, સંવેદનશીલ, સર્જનશીલ વ્યક્તિનું સર્જન કરવાનું. આવી વ્યક્તિના સર્જનની શરૂઆત બાળકથી કરવી પડે. બાળકને અપાતું શિક્ષણ એનો સર્વાંગી વિકાસ થાય એવું હોવું જોઈએ. એને અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન અપાય એની સાથે સાથે એનામાં શ્રદ્ધાનું સિંચન થવું જોઈએ. ઈશ્વરમાં શ્રદ્ધા તો બહુ મોટી તાકાત છે. ઈશ્વર સાથે એટલી નિકટતા અનુભવાવી જોઈએ કે માણસને કોઈ ડર ન રહે. એનામાં આત્મશ્રદ્ધા જાગે. પ્રાર્થનાના કોઈ નિયમ નથી કોઈ નિયત શબ્દો નથી. ઈશ્વર સાથે વાતચીત એ જ પ્રાર્થના છે. ઈશ્વર પરની શ્રદ્ધા આપણી પોતાની જાતમાં શ્રદ્ધા પ્રેરે છે અને તેથી કદી અંધકાર નથી અનુભવાતો. જીવનમાં પ્રકાશ અને પ્રસન્નતા છવાયેલી રહે છે.

❖❖❖

# માણસની મહેરબાની...ઈશ્વરની કૃપા

**સુરેશ દલાલ**

**મા**ણસની મહેરબાનીનો થાક લાગે છે. ઈશ્વરની કૃપા તાજગી આપે છે. મોટા ભાગના માણસો આપણા પર મહેરબાની કરીને પછી ગાજવીજ કરતા હોય છે. થોડી થોડી વારે સીધી રીતે કે આડકતરી રીતે આપણને યાદ કરાવે કે અમે તમારે માટે કેટલું બધું કર્યું. આમ કહીને પોતે કર્યાનો આનંદ ગુમાવે છે ને આપણને બેચેન કરી મૂકે છે. એમણે આપણે માટે જે કાંઈ કર્યું હોય એના ઉપકારના ભાર હેઠળ આપણે ચગદાતાં હોઈએ છીએ. કેટલાક માણસોનો એવો સ્વભાવ હોય છે કે આપણે ઈચ્છીએ કે ન ઈચ્છીએ તો પણ એ આરંભમાં કદરદાનીને નામે મહેરબાની કરતા હોય છે. પછી એમની મહેર ઓછી હોય છે અને ખાલી બાની વાણી કહે છે. એમના વજનદાર શબ્દો ફૂલોમાં સીસુ ભરતા હોય એવા લાગે છે, સૂરજ પ્રકાશ આપે છે, ફૂલ સુગંધ આપે છે, ઝરણું કલરવ આપે છે, પંખી ટહુકો આપે છે એ એ કોઈ દિવસ નફા-તોટાની વાત નથી કરતા, હિસાબના કોઈ ચોપડા નથી રાખતા. એમને માટે આ બધું સહજ છે. માણસ દાન કરે છે, દાનની જાહેરાત પણ કરે છે. ઢંઢેરા પીટે છે, ડાબા હાથની વાત જમણા હાથને કહે છે, જમણા હાથની વાત ડાબા હાથને કહે છે, બંને હાથ આંગળીઓને કહે છે, આંગળીએ નખને કહે છે અને આમ ગંગાનું ગટરમાં વિરૂપાંતર થાય છે.

સામે પક્ષે એ પણ એક હકીકત છે કે કેટલાક માણસો પર ઉપકાર કરીએ તો એ નગુણા થઈને આપણને જ હંફાવતા હોય છે. તમે કોઈને પ્રેમ આપો અને એ તમને ગાળ આપે. તમે જેમને તરતાં શીખવો અને તારો, એ જ તમને ડુબાડવાનો પ્રયત્ન કરે એટલું જ નહીં, ડુબાડે પણ ખરો.

માણસ કાં તો ખાનદાન હોય છે, અથવા નથી હોતો. બધું ઉછીનું આપી શકાય, ખાનદાની કદી નહીં. ગુણવાનનું લોહી અને નગુણાઓનું લોહી જુદુ જ રહેવાનું. આ બાબતમાં બ્લડ-ટ્રાન્સફ્યુઝન શક્ય નથી.

કેટલાક માણસો એવા પણ હોય છે કે ખોળામાં માથું મૂકીએ તો પણ એમને ખૂંચે, ફૂર આપીએ તો પણ જાણે કાંટો વાગ્યો હોય એમ વરતે. એ લોકો વાંકદેખા અને વિઘ્નસંતોષી હોય છે. જીવનની કરુણતા એ છે કે આપણે આવા લોકોની વચ્ચે પણ જીવવું પડતું હોય છે. આ સંસારમાં એમ જ સમજીને જીવવાનું કે આપણે કોઈ વનમાં છીએ અને આપણી આસપાસ વાઘ, વરુ, દીપડાઓ છે. આપણે કદી કોઈનો શિકાર ન કરીએ. પણ આપણે શિકાર ન થઈ જઈએ, આપણે વધ ન થઈએ. એટલા સાવધ રહેવું પડે. ભયથી જીવવું પડે એનાથી વસમી કઈ વાત હોઈ શકે ?

❖❖❖

## આંખ સામે જ !

**રજનીશ**

ઈજિપ્તમાં એક જૂની કહેવત છે કે જે વસ્તુ માણસથી છુપાવવી હોય, તે તેની આંખની સામે મૂકી દો; પછી તે એને જોઈ નહીં શકે.

તમને યાદ છે, કેટલા દિવસોથી તમારી પત્નીનો ચહેરો તમે નથી જોયો ? ખ્યાલ છે તમને કે તમારી માતાની આંખમાં આંખ પરોવીને ક્યારથી તમે નથી જોયું ? પત્ની એટલી મોજૂદ છે, માતા એટલી નજીક છે, પછી જોવાનું શું ?

પત્ની મરી જાય છે, તો ખબર પડે છે કે એ હતી. પતિ જઈ ચૂક્યો હોય છે ત્યારે યાદ આવે છે કે અરે, આ માણસ આટલો વખત સાથે રહ્યો, પરંતુ પરિચય જ ન થયો ! આથી તો લોકો સ્વજનના મરણ ઉપર આટલું રુદન કરે છે. તે રડે છે એ મરણને કારણે નહીં, પણ એટલા માટે કે આટલા દિવસોથી જેની સાથે હતા તેને આંખ ભરીને જોયા પણ નહીં; તેની ધડકનો સાંભળી ન શક્યા; એની સાથે કોઈ પરિચય થઈ ન શક્યો; તે અજાણ્યા જ રહ્યા ને અજાણ્યા જ વિદાય થઈ ગયા ! અને હવે તેનો કોઈ ઉપાય નથી.

તમારું સ્વજન ચાલ્યું જાય ત્યારે તમે એટલા માટે રડો છો કે એક તક મળી હતી અને ચૂકી ગયા; તેને આપણે પ્રેમ પણ ન કરી શક્યા.

ઈજિપ્તના ફકીરો એ વાત કહેતા હતા કે કોઈ ચીજને છુપાવવી હોય તો તેને લોકોની આંખ સામે મૂકી દો. એ ચીજ જેટલી નજીક હોય છે, એટલી જ વધુ ભુલાઈ જાય છે.

❖❖❖

## ઝાલાવાડી સભાની માસિક પત્રિકા માટે વાચકોને ખાસ નમ્ર વિનંતી

**ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં ઝાલાવાડી સભા તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૪૦ થી ૫૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યા બંધ છે, તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૫૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. સૌ પ્રથમ આપના નિવાસસ્થાનની નજદીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી જરૂરી છે. પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadi.com ઉપર દર મહિનાની ૧૪ થી ૧૬ તારીખ દરમ્યાન વેબસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે. વેબસાઈટ પરથી મેળવશો.**

**પત્રિકા ન મળતી હોય અથવા એડ્રેસમાં ફેરફાર કરવો હોય તો વોટ્સએપ નં. 88508 30865 પર જુનુ/નવું સરનામું – મેમ્બરશીપ નં. અથવા અન્ય વિગત ફક્ત વોટ્સએપ પર જ મોકલવી. ફોન કરવો નહી.**

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ

# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

સંચાલિત

## શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા

**સભાની ઑફિસ**

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Office Mobile No. 7208472884**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member<br>Patrika /Loan<br>**શ્રી નિરવભાઈ શાહ**<br>**9819012468** | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>**9867748120** | ડોનેશન - ફંડ<br>મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>સ્કુલ-કૉલેજ ફી<br>લોનાવલા<br>**શ્રી મિલનભાઈ**<br>**9860125136** | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>**9099350644 / 9426756100**<br>મુંબઈ - શ્રી મિલનભાઈ તુરખિયા<br>**9860125136** |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

### ખરી જરૂર !

**ના**ના એવા શહેરના મુખ્ય રસ્તા પરથી બેફામ ઝડપે પસાર થતી એક અમીરી મોટરગાડીને પાછળથી એને આંબી ગયેલા મોટરસાઈકલ-સવાર પોલીસે ઊભી રખાવી. હાંકનાર સન્નારીનાં નામઠામ એણે પોતાની ડાયરીમાં નોંધવા માંડ્યાં, એટલે બાનુ જરા ગરમ થઈને બોલ્યાં : ''તમે વધારે કાંઈ લખો તે પહેલાં એટલું જાણી લેજો કે આ ગામના નગરપતિ મારા મિત્ર છે.''

એક શબ્દ પણ બોલ્યા વિના પોલીસે નોંધ ટપકાવવી ચાલુ રાખી. ''અહીંના પોલીસ-ઉપરી પણ મને સારી રીતે ઓળખે છે.'' સન્નારીએ આગળ ચલાવ્યું. એમના મિજાજનો પારો ચડતો જતો હતો, તે છતાં પેલાએ તો ડાયરીમાં લખવાનું ચાલુ રાખ્યું. ''ભલા આદમી, હું તમારા મેજિસ્ટ્રેટને અને અહીંના ધારાસભ્યને પણ સારી રીતે ઓળખું છું.''

નોંધ પૂરી કરીને ડાયરી બંધ કરતાં પોલીસે અંતે મધુરતાથી પૂછ્યું : 'હવે કહો જોઈએ, તમે કાનજી રવજીને પણ ઓળખો છો ?'

''ના ?'' બાનુએ કબૂલ કરતાં અચરજ બતાવ્યું.

''ત્યારે ખરી જરૂર તમારે તેની ઓળખાણની હતી,'' પોતાની મોટરસાઈકલ પર ચડતાં એણે કહ્યું, અને પછી ઉમેર્યું : ''હું કાનજી રવજી છું.''



Dr. Dimple Shah
Lumera Eye Clinic
WE PROVIDE TOTAL
EYE CARE SOLUTION
BOOK AN APPOINTMENT
+ 91 - 9076000308
WHY CHOOSE US?
Complete eye check up
Cataract surgery
Diabetic retina check up
Glaucoma
Lasik Surgery
Paediatric eye check up
ABOUT US:
Discover excellence in eye care at Lumera Eye Clinic. Our skilled team and cutting-edge technology ensure personalized service for your vision needs.
9076000308
www.lumeraeyeclinic.com
801, Orion West, Santacruz Railway Station Road, 2nd, Gaothan Lane, opposite Bhagwan Cutpiece, Santacruz West, Mumbai, Maharashtra 400054


Advt.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ

## ઝાલાવાડી સભાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો કમિટી સભ્યો તેમજ માનવંતા અનુદાન આપનાર દાતાશ્રીનુ સ્નેહમિલન તેમજ પ્રકલ્પોનું ઉદ્ઘાટન સમારોહ




















# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ

## ઝાલાવાડી સભાના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો કમિટી સભ્યો તેમજ માનવંતા અનુદાન આપનાર દાતાશ્રીનુ સ્નેહમિલન તેમજ પ્રકલ્પોનું ઉદ્‌ઘાટન સમારોહ





















WE DELIVER WHAT WE PROMISE !
ammpalholidays@gmail.com
WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !
Discover The World, The Ammpal Way!
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
MAGNIFICENT ICELAND!
10D
10 DAYS OF MIND-BLOWING EXPERIENCE WITH AMIT SHAH.
REYKJAVIK | AKUREYRI | VIK
REYKHOLT | BORGANES | KEFLAVIK
TOUR DATES
NOV 2nd
KENYA
Experience Africa's Untamed Beauty, Where Nature is at It's Most Majestic.
8 DAYS TOUR BY AMMPAL HOLIDAYS
8D
TOUR DATES
May 21st | June - 4th (Sold Out) | 17th
VEG & JAIN MEALS BY RAJASTHANI CHEF
STAY AT 5 HOTEL
Vietnam Awaits...
Experience Vietnam Like Never Before with Ammpal Holiday on the 11 Days Tour!
11D
TOUR DATES
May 2nd | 24th
June 4th | 17th
• HANOI • HALONG BAY • SAPA • DANANG • HOI AN • HO CHI MINH
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare*
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
Stay at Luxurious Hotels
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820 | 8291099100


Advt.

# જ્યાં સંપ હોય ત્યાં લક્ષ્મી વસે

'જે કુટુંબમાં સ્નેહ, સંપ હોય, એક બીજાના પ્રેમભાવથી આદરસત્કાર થતો હોય ત્યાં જ લક્ષ્મી વસે છે.' આ કથનને યથાર્થ કરતી એક વાર્તા છે.

કુંદનપુર નામે એક ગામ હતું. ગામના એક નગરશેઠ હતા. નામ એમનું કસ્તૂરચંદ. એક દિવસ કસ્તૂરચંદ શેઠ રાત્રે સૂતા હતા ત્યારે એમને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં સાક્ષાત્ લક્ષ્મીદેવીએ આવી કહ્યું કે - 'હે શેઠ ! તારું પુણ્ય પરવારી ગયું છે, માટે હું તારા ઘરમાંથી ચાલી જાઉં છું, કારણ કે તારા ઘરમાં રોજ ક્લેશ-કંકાસ થયા કરે છે. હવે તારે મારી પાસે જે કાંઈ માગવું હોય તે માગી લે.'

શેઠે કહ્યું : 'ઠીક ! કાલ સવારે હું મારા કુટુંબને પૂછીને વિચાર કરીને જે માગવું હશે તે માગી લઈશ.'

લક્ષ્મીદેવી તો ચાલ્યાં ગયાં. બીજે દિવસે શેઠજીએ તેમનાં કુટુંબીજનોને બોલાવી રાત્રે આવેલા સ્વપ્નની વાત કહી સંભળાવી અને પૂછ્યું કે - 'બોલો હવે લક્ષ્મીજી પાસે શું માંગવું ?' ત્યારે શેઠના મોટો દીકરાએ કહ્યું કે - 'પિતાજી, જતી લક્ષ્મી પાસેથી હીરા, માણેક અને રત્નો માગી લો.' એટલામાં તો વચેટ દીકરો બોલી ઊઠ્યો : 'હીરા, માણેક અને રત્નો તો ખૂટી જશે. માટે અનાજથી ભરેલા કોઠાર માગી લો કે જેથી ભૂખે મરવા વખત ન આવે.' વળી ત્રીજા દીકરાએ કહ્યું કે - 'બધું જવા દઈ બેચાર બંગલા ને ગાડીઘોડાની સાહ્યબી માગી લો એટલે ચિંતા જ નહિ.'

આ રીતે ત્રણે દીકરાઓએ પોતપોતાને જેવું ગમ્યું તેવું માગવા માટે કહી દીધું. પરંતુ મોટા દીકરાની વહુ ઘણી સમજદાર હતી.



તે બહાર આવી અને કહેવા લાગી કે - 'બાપુજી, મારું તો એવું માનવું છે કે આપણા ઘરમાં બધાં હળી મળીને સ્નેહસંપથી રહીએ એટલું જ માગી લો તો બસ થઈ જશે.'

મોટા દીકરાની વહુની વાત શેઠના ગળે ઊતરી ગઈ. તેમણે વિચાર કર્યો કે વહુ કહે છે તે વાત સાચી છે; કારણ કે જો કુટુંબમાં સ્નેહસંપ રહેશે તો બધું કુટુંબ સુખી થશે. એટલે શેઠે લક્ષ્મીજી પાસે ફક્ત કુટુંબમાં સંપ રહે તેવું માંગવાનું નક્કી કરી લીધું.

રાત પડી એટલે શેઠ સૂઈ ગયા. એટલે વળી પાછાં લક્ષ્મીજી આવ્યાં અને શેઠને પૂછવા લાગ્યાં કે : 'બોલો શેઠ, તમારે શું માગવું છે ?' ત્યારે શેઠે કહ્યું : 'લક્ષ્મીજી ! જ્યારે તમે જવા માટે તૈયાર જ થયાં છો ત્યારે કૃપા કરીને મને એટલું જ આપતાં જાઓ કે મારા ઘરમાં બધા સંપથી રહે. બસ આ સિવાય મારે બીજું કાંઈ પણ જોઈતું નથી.' શેઠની માગણી સાંભળી લક્ષ્મીજીના આશ્ચર્યનો પાર ન રહ્યો ! તરત તેમણે કહ્યું કે - 'શેઠ ! હવે તો મારાથી જવાશે નહિ; કારણ કે જે ઘરમાં સંપ હોય ત્યાં જ હું વાસ કરું છું. એટલે તારા ઘરમાં સંપ રહેશે તો મારો વાસ તારા ઘરમાં સદાને માટે જ રહેશે.' આટલું કહી લક્ષ્મીજી ચાલ્યાં ગયાં. શેઠના ઘરમાંથી ક્લેશ-કંકાસ દૂર થઈ ગયો અને લક્ષ્મીજીએ સદાને માટે ત્યાં જ વાસ કર્યો.

એટલે જ ઘરમાં સ્નેહ-સંપ હોય ત્યાંથી લક્ષ્મીજી કદી પણ ખસતાં નથી. લક્ષ્મીજીને સ્થિર કરવાનું સાધન છે સ્નેહ અને સંપ.

**– સ્પીક બ્રેકર બુકમાંથી**

## ઝાલાવાડી સ્થા. જૈન સમાજ ગૌરવ




સુરેન્દ્રનગરના વતની અને મુંબઈના જૈન અગ્રણી શ્રી C.V. Shah (પેરેડાઈઝ)ને જેઓ ઝાલાવાડી સભાના પૂર્વ ટ્રસ્ટી, JITO જુહુ ચેપ્ટર ના પૂર્વ ચેરમેન તથા દર શનિવારે ૪૦૦ વ્યક્તિઓને ''ભુખ્યાને ભોજન'' નિઃશુલ્ક કાર્યના પ્રણેતા.

**ભારતીય જનતા પાર્ટી - મુંબઈ જૈન સેલના પ્રમુખ તરીકે તેમને જવાબદારી સોંપવામાં આવી છે.**

આ ગૌરવપૂર્ણ નિમણૂક બદલ ખૂબ ખૂબ અભિનંદન તથા હાર્દિક શુભેચ્છા. તેમના નેતૃત્વ હેઠળ જૈન સમાજ વધુ પ્રગતિ કરે અને સમાજસેવાના નવા શિખરો સ્થાપિત થાય તેવી શુભકામનાઓ.

**ઝાલાવાડી સ્થા. જૈન સભા - મુંબઈ**
**શુભેચ્છકો અને સમાજજનો તરફથી**

# ભાગીદારી પેઢીની નોંધણી માટે ફોર્મ-એ ભરવું ફરજિયાત

**કિશોર એમ. શાહ (સોલિસિટર)**

કોઈ પણ નવી ભાગીદારી પેઢી બનાવાય ત્યારે તેની નોંધણી રજિસ્ટ્રાર ઑફ ફર્મ પાસે કરાવવી ફરજિયાત છે. એ માટે પાર્ટનરશિપ ઍક્ટના સેક્શન ૫૮ પ્રમાણે ફૉર્મ-એ ફરજિયાત ભરવું પડે છે. આ ફૉર્મ પર કોર્ટ ફી સ્ટૅમ્પ, દરેક ભાગીદારની સહી, અગર ભાગીદારે જેને સત્તા આપી હોય તેણે સહી કરવી પડે છે. આ ફૉર્મ પર નોટરીની સહી હોવી ફરજિયાત છે.

પ્રત્યેક ભાગીદારી માટે જુદાં જુદાં ફૉર્મ ભરવાં પડે છે અને ફૉર્મમાં સાચી હકીકતો અને માહિતી ભરવી પડે છે. જો વિગતો ખોટી કે ગેરમાર્ગે દોરનારી હોય તો પાર્ટનરશિપ ઍક્ટના સેક્શન ૭૦ પ્રમાણે એ ગુનો બને છે. પાર્ટનરશિપ રજિસ્ટ્રેશન ફૉર્મ-એમાં ભાગીદારોનાં નામ, ધંધા-વેપારનો પ્રકાર, મુખ્ય કાર્યાલય-ઈતર કાર્યાલયોની વિગતો, સરનામાં, ભાગીદારોની વિગતો ભરવી પડે છે. પ્રત્યેક ભાગીદારની ભાગીદારી પેઢીમાં દાખલ થયાની તારીખ, ભાગીદારી જો અમુક કાર્યો કે સમયની મર્યાદા માટે કરવામાં આવી હોય તેની વિગતો લખવી પડે છે. સામાન્ય રીતે ભાગીદારીની સ્થાપના 'એટવીલ' થતી હોય છે. આ પ્રકારની ભાગીદારીમાં કોઈ પણ ભાગીદાર સૂચના આપીને અન્ય ભાગીદારોથી દૂર થઈ શકે છે.

જો ભાગીદારી પેઢી રજિસ્ટર્ડ કરવામાં આવી હોય તો તેના લેટરહેડ પર 'રજિસ્ટર્ડ' શબ્દ લખવો ફરજિયાત છે. હજી ઘણી પેઢીઓ આ વસ્તુને અનુસરતી નથી. પાર્ટનરશિપ રજિસ્ટ્રેશન ફૉમ-એ સત્તાવાળાઓને રજિસ્ટ્રેશન માટે સુપરત કરાયા બાદ જો બરાબર હોય તો પેઢીને રજિસ્ટર્ડ કરીને રજિસ્ટ્રેશન નંબર અપાય છે. પાર્ટનરશિપ રજિસ્ટર્ડ કરાયેલી હોય તો જ તે પેઢી બીજા સામે કોઈ કાયદેસર પગલાં લેવાં હોય, શુટ ફાઈલ કરવો હોય તો કરી શકે છે. જો ભાગીદારી પેઢી રજિસ્ટર્ડ ન હોય તો તે ત્રીજી પાર્ટી સામે કાયદેસર રીતે પગલાં નથી લઈ શકતી. અહીં એ નોંધવું રહ્યું કે આવી અનરજિસ્ટર્ડ ફર્મ સામે બહારની પાર્ટી દાવો કરી શકે છે. ભાગીદારી પેઢીમાં કોઈ ભાગીદાર માઈનર હોય અને ભાગીદારીમાં જેટલા ફેરફાર થાય એટલા દરેક ફેરફાર તારીખ પ્રમાણે રજિસ્ટ્રાર ઑફ ફર્મને જણાવવા પડે છે.

ધારો કે કોઈ ભાગીદારનું અવસાન થાય તો ૯૦ દિવસની અંદર ફૉર્મ નં. ઈ કે જે નોટિસ ઑફ ચેન્જ ઑફ કૉન્સ્ટિટ્યુશન કહેવાય છે તે ભરવું પડે છે.

ઘણી વાર ગુજરી જનાર ભાગીદારના સહયોગીઓ ૯૦ દિવસની અંદર મૃત્યુ નોંધપત્ર સાથેનું ફૉર્મ નં. ઈ રજિસ્ટ્રારને મોકલતા નથી અગર એ બાબતે બેદરકારી દાખવે છે એ હિતાવહ નથી. પાર્ટનરશિપ ઍક્ટ ૧૯૩૨ પ્રમાણે કોઈ પણ ભાગીદારનું નામ રજિસ્ટ્રાર ઑફ ફર્મના ચોપડામાંથી રદ ન કરાયું હોય ત્યાં સુધી ભાગીદારી પેઢીએ કરેલા દરેક કામધંધા, વહેવારમાં તેની જવાબદારી ચાલુ રહે છે. અન્ય ભાગીદારોએ ગુજરી જનાર ભાગીદારનું નામ કઢાવી નાખવાની વિધિ બનતી ત્વરાએ પૂરી કરી નાખવી જોઈએ. કોઈ કારણસર આ ભાગીદારો આ કામ ન કરે તો મૃતકના વારસદારોએ જૂના ભાગીદારોની સહી લઈને ફૉર્મ નં. ઈ ફાઈલ કરી નાખવું જોઈએ. કોઈ ભાગીદાર નિવૃત્ત થાય તોપણ એણે ફૉર્મ-ઈ ફાઈલ કરવું પડે છે. તેના પર રૂા. ૨ કોર્ટ ફી સ્ટૅમ્પ લગાડવી પડે છે. નામ બાકાત કરવા માટેની પ્રક્રિયા બાબત દરેક ભાગીદારે વિશેષ તકેદારી રાખવી પડે છે. ભાગીદારી પેઢીમાંથી જ્યાં સુધી નામ બાકાત ન થાય ત્યાં સુધી ભાગીદાર તરીકેની જવાબદારી ચાલુ રહે છે.

કોઈ ભાગીદારી પેઢીમાંથી અગર કોઈ ભાગીદાર માઈનર હોય તો તે મેજર થયા પછી ઈચ્છા હોય તો ચાલુ કરી શકે છે અને ન હોય તો છૂટો પણ થઈ શકે છે. આને માટે ફૉર્મ એક ભરીને નોટરી પાસે ડિક્લેર કરાવવું ફરજિયાત છે. કોઈ ભાગીદાર માઈનર હોય તો પેઢીના નફામાં તેને હિસ્સો મળે છે, નુકસાનીમાં ભાગ નથી આપવો પડતો, પણ જો આ માઈનર ભાગીદાર મેજર થઈ જાય પછી આ કાયદો લાગુ નથી પડતો. દરેક ભાગીદારી પેઢીએ પોતાનું રજિસ્ટર્ડ ઍડ્રેસ જણાવવું પડે છે અને કોઈ કારણસર રજિસ્ટર્ડ કાર્યાલયનું સ્થાન બદલાય તો તેને માટે ફૉર્મ નં. સીમાં નવી વિગતો ભરીને એ ફાઈલ કરવું પડે છે. આ ફૉર્મ પણ નોટરી પાસે ડિક્લેર કરાવવું પડે છે.

❖❖❖

**ઝંખના**

શરદબાબુને ઘણીબધી સ્ત્રીઓનો પરિચય થયેલો, સારી મનાતી કે નબળી મનાતી. પણ તેમાંની કોઈ તેમની કથાઓ માંહેલી રાજલક્ષ્મી, ચંદ્રા, પાર્વતી હોય, તે વાત અસંભવિત છે. તેવું હોત તો સમાજ વહેલો જ નિર્મળ ને પ્રાણવાન બની ગયો હતો. એ સ્ત્રીઓમાં કાંઈક તણખો અવશ્ય હશે જ; પણ શરદબાબુએ જે મહમાપૂર્ણ નારીપાત્રો નખશિખ કંડાર્યાં, તે તો તેમની કલ્પના અને સ્ત્રીને પૂર્ણરૂપે જોવાની ઝંખનાને પરિણામે. શરદબાબુની વિરલતા મૂંગા અને સ્નેહસભર ત્યાગને સજીવ કરવામાં છે. 'પરિણીતા'ની લલિતાથી માંડીને તેમની છેલ્લી અધૂરી કૃતિ 'શેષ પરિચય' સુધી તે ચાલ્યા કરે છે.

**મનુભાઈ પંચોળી**

# પેનડ્રાઈવ

ઠાકર આનંદકુમાર



**પા**છલી રાત્રીનું ભૂરું આકાશ, માનવ-જીવનમાં અનેક સુખદ યાદગીરી ચમકી રહે તેમ, નાના-મોટા તારાઓથી ચમકી રહ્યું હતું, ઠંડા પવનના સુસવાટાથી અલીડોસા રક્ષણ મેળવવા કંબલ ઓઢી ત્રીજા માળના ફ્લેટ નંબર ૩૪માંથી ગેલેરીમાં આવ્યા હતા. દરરોજ અલીને સાંજ જેટલી વસમી થઈ પડતી હતી, તેટલી જ વસમી હતી સવાર. અલીનું આ એપાર્ટમેન્ટ શહેરની મધ્યમાં હતું. ચારે તરફ નજર કરી તો સવારની શાળા-કૉલેજમાં જનાર વિદ્યાર્થીઓ કાનમાં હેડસેટસ નાખી વગાડતા જતા હતા. તેને યાદ આવ્યું કે મરિયમને તે તૈયાર કરીને શાળાએ મોકલતો અને તેને હાથમાં લેપટોપ પહેલવહેલું કૉલેજમાં આપેલું. તેણે પોતાએ તો ઘરે ડેસ્કટોપ જ રાખેલું.

ત્યાં નીચે રોબો વર્ક ડસ્ટબિન અને રસ્તા પર પડેલા કચરાને તેની પાછળ લદાયેલી કોકપીટમાં નાખતા હતા. અલીને ઘડીભર થયું કે રોબોને ઠંડી નહીં લાગતી હોય ? પણ, પછી તેને યાદ આવ્યું ક એ તો યંત્ર છે. તેને સંવેદના કે લાગણી જેવું ક્યાં કશું હોય છે ! અલી નિસાસા સાથે અંદર ગયો. ફરી પથારીમાં પડ્યો અને બબડ્યો : 'બેગમ પણ જન્નતનશીન થઈ ગઈ નહીં તો આ છેલ્લા દિવસો તેની સાથે ગાળી શકાત, મરિયમ પણ સાસરે ગઈ પછી ગયા મહિનેથી તો જાણે ભૂલી જ ગઈ' થોડી વાર પછી....

'અરે ! ના. મારી લાડકી મને ભૂલે કે ? પરંતુ, મારું જ કોમ્પ્યુટર બગડ્યું છે તે. તેણે તો બિચારીએ ઘણાં ઈ-મેઈલ મોકલ્યા હશે કે... સારું, હવે ઊઠીનેય શું કરવું ? થોડી વારે સૂઈને પેલા કોમ્પ્યુટર ટેક્નિશિયનને બોલાવી જોઉં આજે આવે તો....'

અગિયારેક વાગ્યે અલીએ ટેક્નિશિયનને ફોન લગાવ્યો.

'હલો, સર અલી બોલું છું.'

'હાં, હાં, બોલો....'

'હા, સર, મારું કોમ્પ્યુટર શરૂ નથી થતું, વેલકમ સ્ક્રીન પછી અટકી પડે છે, પ્લીઝ સર આવી જાઓને...'

'હા, હાં આજે સાંજે આવું છું.'

અલીએ નિરાંતનો શ્વાસ લીધો. પ્લાનિંગ કરતો રહ્યો : સાંજે કોમ્પ્યુટર સમું કરવા આવશે, રાત્રે નિરાંતે બેસી ઈ-મેઈલ કરીશ, મરિયમ જો ઓનલાઈન આવશે તો વાતોય થાશે. તેને બાળક આવે તેમ છે. આ કોમ્પ્યુટરેય એ તાકડે જ બગડી ગયું તો પણ આજે રાતે તો નિરાંતે વાત કરીશ.' ત્યાં અલીને હૃદયમાં કંઈક ખૂંચ્યું હોય તેવો દુ:ખાવો થવા લાગ્યો. એટલે તેને દવા લેવાનું યાદ આવ્યું. તરત તેણે દવા લીધી. 'ગુડ ફૂડ' સ્ટોલમાં ફોન જોડી તેણે નાસ્તો ઓર્ડર કર્યો. તે નાસ્તાની હોમ ડિલિવરી આવવાની પ્રતીક્ષા કરતો રહ્યો.

અલી પોલીસ સબ ઈન્સપેક્ટર હતો, તેની ધાક બોલતી તે સમયે, તેણે કેટલાય મોટા ગણાતા ગુંડાઓને પકડીને લમધાર્યા હતા. કાયદા વિરુદ્ધ કશું ચલાવી ન લે. થર્ડ ડિગ્રી સુધીની આકરી સજા કરીને પણ રીઢામાં રીઢા ગુનેગારોને જેલમાં સડતા કર્યા. પી.એસ.આઈ.નું કામ એટલું મનથી નિભાવતો કે ઘરમાં ઓછું ધ્યાન આપી શકતો. પરંતુ, એક વાર અચાનક જ તેની બીબીને સવારમાં ઊલટી થઈ અને મગજની નસ ફાટી ગઈ. બીબી મૃત્યુ પામી. પછી ભોળી-નાની-મરિયમ માટે તેણે પોતાની નવી જિંદગી ચાલું કરી. જે કાંઈ હતું તે બધું સમેટી લીધું. રાજીનામું આપી દીધું. તેની પાસે વ્યાયામશાળા જબરજસ્ત હતી. એટલે મરયમની શાળામાં જ તે વ્યાયામ શિક્ષક તરીકે રહ્યો. બન્ને બાપ-દીકરી સાથે જાય, સાથે આવે. દીકરી મોટી થઈ ત્યારે તેણે તેની જ બિરાદરીના લિસ્બનસ્થિત છોકરા સાથે તેનાં લગ્ન કરી દીધાં. બસ, તે દી'થી અલી બધું છોડી સંપૂર્ણ નિવૃત્ત થઈ ગયો. પણ, એને એ ખબર ન પડી કે આ નિવૃત્તિ અને રિત્તા તેને વાઈરસની જેમ ડિસ્કાર્ડ કરી રહી હતી.

સાંજે વોક પર નીકળવું, ત્રીજી-ચોથી તારીખની અંદર બેન્કમાં જવું અને જો કોમ્પ્યુટરમાં કોઈ ખામી સર્જાય તો સીપીયુ લઈ તેના ટેક્નિશિયન પાસે જવું. બસ, આટલું જ કામ તેને હવે કરવાનું હતું. ક્યારેક મરિયમ કાં તો ઈ-મેઈલ કરે અને એ જો મરિયમ હાજર હોય તો વિડિયો કોન્ફરન્સ પર લાઈવ વાત કરતો ને મન હળવું કરી લેતો. પણ, કેટલો સમય ? આ ઈન્ટરનેટ તેના માટે પેઈનકિલર જેવું હતું, જ્યાં સુધી ઈન્ટરનેટ પર બેસતો ત્યાં સુધી થોડો આનંદમાં રહેતો, પછી તેને જાણે જીવલેણ ઉદાસી ઘેરી વળતી. એનું પરિણામ એ આવ્યું કે અલીને અચાનક હાર્ટ-એટેક આવી ગયો. તેમાંથી બહાર તો આવી શક્યો, પરંતુ હવે તે હવા ઉપર હતો. એમાં એક રાતે ઊંઘ જ ન આવે. ઘણી વાર ઈન્ટરનેટ પર સર્ફિંગ કર્યું, મરિયમ જોડે વાત કરી છતાં ઊંઘ ન આવે. પછી તેણે ઊંઘની દવા લીધી પણ હૃદયનો દર્દી તે દવા થોડી વસમી પડી

અને અલીનું હૃદય વધારે નબળું પડી ગયું. એટલે, હવે, જમવાનું, નાસ્તો બધું જ બહારથી મગાવી લેતો. તેને માફક આવે તેવું ખાણું આવતું.

હમણાં, થોડા દિવસ પહેલાં કોમ્પ્યુટર શરૂ કર્યું તો બધી રીતે શરૂ થઈ જાય પણ XPની વેલકમ સ્ક્રીન આવે ત્યાંથી અટકી જાય. તેને ટેક્નિશિયનને જાણ કરી. તેનું કોમ્પ્યુટર રિપેર કરવા માટે હંમેશાં તેનો નિશ્ચિત ટેક્નિશયન જ આવતો. તેને છેલ્લા બે-ત્રણ દિવસથી ફોન કરી અને આ વાત અલી કરતો. ટેક્નિશિયન પણ સવાર, બપોર, સાંજ જેવા વાયદા કરતો. બીજા દિવસે અલીએ ફરી ફોન જોડયોઃ

'સર, અલી બોલું છું.'

'હાં, બોલો....'

'આપણા કોમ્પ્યુટરમાં વેલકમ સ્ક્રીન આવે છે ને ચોંટી જાય ચે જરા...'

'અરે હા. હું આવી જઈશ ભૈ મને ખબર જ છે...'

'પણ, સર મારી દીકરી સાથે વાત...'

'અરે, પણ મેં કહ્યુંને આવી જઈશ? તમારું એકનું જ કામ થોડું છે? ગામના બીજાનાં ઘણાં કામ બાકી હોય. તમારું એક તો ઓલ્ડમોડલ છે, મારે બરાબર સમય લઈને આવવું પડે.' ટેક્નિશિયને મોબાઈલ મૂકી દીધો. અલીને થોડી ગ્લાનિ થઈ. મરિયમના કશા સમાચાર ન હોય તેવો આજે બીજો દિવસ હતો. અલીએ વિચાર્યું, 'ડિલિવરી તો વ્યવસ્થિત થઈ ગઈ હશેને? બન્નેની તબિયત તો સારી હશેને...? છેલ્લા ઈ-મેઈલમાં હતું કે હોસ્પિટલમાં જવું પડશે...' અલીના મગજમાં અનેક તર્કો ટ્રોજોન-હોર્સ વાઈરસની આસરની જેમ ઘૂસી ગયા હતા. અલીનો ચહેરો પેલી સ્ક્રીનની જેમ ચોંટી ગયો હતો. અલીએ મરિયમને મોબાઈલ ટ્રાય કર્યો, પરંતુ મોબાઈલ નેટવર્ક મળતું ન હતું! માણસ માથે આપત્તિ આવે છે ત્યારે બધી બાજુથી આવે છે. અલીએ તેની ડાયરી લખવા કાઢી. તેમે લખવા માંડ્યું.

આ બાજુ પેલો ટેક્નિશિયન : 'ચાલ, ભૈ હું પેલા અલીડોસાના જૂનાપૂરાણા ડબલાને જોઈ આવું. કેટલા દિવસથી લપ લઈને બેઠો છે. અમથાય તેના પેસા તે ક્યાં વાપરશે...' આમ બોલ્યો ને તેનો આસિસ્ટન્ટ ને તે બન્ને ખડખડાટ હસી પડયા. ટેક્નિશિયન અલીના ફ્લેટ પર આવ્યો, તેણે એક વાર બેલ વગાડી, બીજી વાર, ત્રીજી વાર બેલ વગાડી છતાં કંઈ જવાબ મળ્યો નહીં એટલે તેણે 'સિનિયર સિટિઝન કેર સેન્ટર'ને તરત ફોન કર્યો. તરત ડૉક્ટર અને બે ઑફિસર સાથે વાન આવી. તેણે બારણું ખોલ્યું અને જોયું તો... અલીનું મોઢું ડાયરી પર ઢળી પડ્યું હતું. ટેક્નિશિયને પણ જોયું. બન્ને ઓફિસરે અલીને સોફા પર સૂવડાવ્યો. ટેક્નિશિયને તેની ડાયરી જોઈ તેમાં લખેલા શબ્દો હતાઃ 'મરિયમ, બેટા! તને એ તારા સંતાનને જોવા તરસતો રહ્યો. હવે જ્યારે કોમ્પ્યુટર સારું થશે ત્યારે... પણ કદાચ...' આટલું લખતાંમાં જ અલી ઢળી પડ્યો હશે. ડૉક્ટરે ચેક કર્યું અને 'હૃદય બંધ થઈ જવાથી મૃત્યુ' થયાનું જાહેર કર્યું.

ટેક્નિશિયન તો નીકળી ગયો તેના અહીં આવવાનું કારણ બતાવીને, પણ, આખા રસ્તે અલીના ડાયરીના અને તેના મોબાઈલ પરના સંવાદના શબ્દો પડઘાયા કર્યા. તે ઓફિસમાં જઈ અને બેઠો પમ તેને કયાંય ચેન ન પડ્યું. તેણે આસિસ્ટન્ટને પૂછયું : 'માણસ ખરેખર યંત્ર વચ્ચે રહીનેય લાચાર રહ્યો. વિજ્ઞાન કર્ણ જેમ શાપિત છે. ખરે ટાણે કામ ન લાગે તેવું.'

આસિસ્ટન્ટે હસીને કહ્યું : 'સાહેબ, તમેય શું ગાંડા જેવો બબડાટ કરો છો.'

ટેક્નિશિયન કશા અવધાન વગર બહાર નીકળી 'સિનિયર સિટિઝન કેર સેન્ટર' ગયો, તેઓની પાસે અલીના ઘેર જઈ તેના ઈ-મેઈલ પાસવર્ડ શોધવાની પરવાનગી માગી. બધું ડાયરીમાં જ હતું. તેણે ઑફિસે આવી અને તરત અલીનું ઈ-મેઈલ એકાઉન્ટ ખોલ્યું. તે બસ વાંચતો જ રહ્યો મરિયમને લખેલા અને મરિયમે લખેલા લાગણીથી લબાલબ ઈ-મેઈલ. તેની આંખમાં આંસુ જોઈ આસિસ્ટન્ટ બોલ્યો :

'વોટ હેપન સર?'

પેલાએ કશો જવાબ ન આપ્યો. આસિસ્ટન્ટે કશુંક રિપેર કરતાં કરતાં જ પૂછ્યું : 'સાહેબ, નવા સોફટવેરનું ઈન્સ્ટોલેશન જુઓ છો? કે થઈ ગયું?'

'હા, કોઈ નવો જ સોફટવેર હાથ લાગ્યો ને તરત ઈન્સ્ટોલેય થઈ ગયો, ખબર ન પડે તેમ. પણ કોમ્પ્યુટરમાં નહી મારામાં.' પેલો આસિસ્ટન્ટ ફક્ત હસ્યો, પછી કામમાં પરોવાઈ ગયો.

ટેક્નિશિયને છેલ્લા ઈ-મેઈલ જોયા તો મરિયમે ફોટા મોકલ્યા હતા : તેના અને તેના સંતાનનાય લખ્યું હતું! 'પાપા, મારે ત્યાં આજે સવારે બીજી મરિયમ જન્મી પણ, તમારી મરિયમ જેવી નથી. પણ, તે તો અસલ તમારા જેવી લાગે છે. તમારા બે દિવસથી સમાચાર નથી તો મેઈલ કરજો, ફોન લાગે તેમ નથી માટે મેઈલ કરું છું. તબિયત સાચવજો.' ટેક્નિશિયને તરત નવી નક્કોર પેનડ્રાઈવ કનેક્ટ કરી તે તે ફોટા તેમાં લીધા, બધા મેઈલ લીધા અને તે સીધો અલીની કબર વિશે 'સિનિયર સિટિઝન કેર સેન્ટર'ને પૂછી તરત ત્યાં ગયો. ત્યાં જઈ તેની આંખો ભીની થઈ ગઈ. આંસુ સાથે અલીની કબર પર પેનડ્રાઈવ મૂકીને તે નીકળી ગયો.

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

## શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય
## શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન
## શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – અતિથિ ભવન – નાલાસોપારા

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા સંચાલીત શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય નાલાસોપારા ખાતે આયંબિલ ઓળી તપની આરાધના કરાવવા લીંબડી અજરામર સંપ્રદાયના ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત પૂ ભાવચંદ્રજી સ્વામી ના આજ્ઞાનુવર્તી પૂ પ્રતિતિજી મ.સ. પૂ નિયતીજી મ.સ.પૂ સુયાશીજી મ.સ. ઠાણાઃ૩ પધારેલ છે

દરેક તપસ્વીઓ સારી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે દરરોજ ૨૭ થી ૩૦ તપસ્વીઓ આરાધના માં જોડાયેલ હતા.

આ ઓળી તપ ના મુખ્ય સહયોગી દાતાઃ વઢવાણ શહેર નિવાસી હાલ વાલકેશ્વર સ્વ શાંતાબેન પોપટલાલ વોરા પરીવાર હ. શ્રીમતિ પ્રેમાબેન મહેશભાઈ વોરાએ રૂપિયા ૩૧૦૦૦/- થી લાભ લીધો છે.

**દરેક ને લાભ મળે તે હેતુથી એક નામ ના રૂ.૨૦૦૦/- ઓળી તપની આરાધના માટે રાખેલ તેમાં નીચે મુજબ ના પરિવારોએ લાભ લીધેલ.**

શ્રી પંકજભાઈ વી સંઘવી
શ્રીમતી મનીષાબેન એમ શાહ
શ્રી કિરીટભાઈ વી.શેઠ
શ્રી નરેન્દ્રભાઈ સી.ગાંધી,
સ્વ જય અશોકભાઈ સંઘવી,
શ્રી નીરવભાઈ બી ખંધાર
શ્રી સુબોધભાઈ એન.શાહ
માતુશ્રી પ્રવિણાબેન ન્યાલચંદ ગોપાણી
માતુશ્રી સરોજબેન પુનમચંદ અજમેરા
અ સૌ જિજ્ઞાબેન જિગર કુમાર પારેખ પરિવાર દુબઈ, બે નામ.
શ્રી જયેશભાઈ બી.જોબાલીયા.
શ્રી શાંતીલાલ શીવલાલ વકીલ હ. ચેતનભાઈ નાલાસોપારા
કમલેશભાઈ શાંતીલાલ ગાર્ડી નાલાસોપારા
પુજાબેન વિક્રમભાઈ જૈન નાલાસોપારા.

**રૂા. ૧૦૦૦/- દરેક ના નાલાસોપારા ઉપાશ્રયમાં લખાયેલ છે**

શ્રી હિતેશભાઈ બી.શાહ
શ્રીમતી રીટાબેન અનીલભાઈ જશવાણી
શ્રી કલ્પેશભાઈ એમ.શેઠ
ઉષાબેન જિતેન્દ્રભાઈ ભાયાણી
રીટાબેન રાજેશભાઈ શાહ
મીનાબેન ગીરીશભાઈ શાહ
ડિમ્પલ રાજેશભાઈ શાહ
સુવર્ણાબેન નીતીનભાઈ ગાંધી
જયેશભાઈ પ્રવિણચંદ્ર વસાણી
બીપીનભાઈ લાલચંદ દોશી

દરેકને લાભ લેવા વિનંતી.

દર મહિને એક દિવસ સમુહ સામાયિક શરૂ કરવામાં આવેલ છે જેમાં લાભ લેનાર ભાગ્યશાળી ના નામો ગયા મહિનાની પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવેલ છે.

**બીજા નવા નામો આવેલા છે તે નીચે મુજબ છે.**

અલકાબેન નરેન્દ્રભાઈ સંઘવી
સ્વ. રીનાબેન દિનેશભાઈ શાહ બોરીવલી
ભુપતભાઈ મણીલાલ અજમેરા - કંથારીયા
માતુશ્રી કુન્દનબેન મહાસુખલાલ શાહ પરિવાર પાળીયાદ/ઘાટકોપર .
સ્વ વસંતબેન મહાસુખલાલ બેન્કર હ.બીનાબેન બેન્કર ઘાટકોપર.
માતુશ્રી સુશીલાબેન મહેન્દ્રકુમાર પારેખ પરિવાર દુબઈ.
અ.સૌ.નીલ્પાબેન મનીષકુમાર શાહ હ.વિવાન શાહ.

લી.નાલાસોપારા ઉપાશ્રય ના કન્વીનરો, નાલાસોપારા ઉપાશ્રય કમીટીના સભ્યો અને શ્રી મહાવીર સેવા સ્વાધ્યાય મંડળ ના સભ્યો ના જય જિનેન્દ્ર.

**કન્વીનરો**

દિપ્તીબેન શાહ - ૯૩૨૩૬૩૧૦૪૭
નરેન્દ્રભાઈ ગાંધી - ૯૮૨૦૦૭૬૪૬૦

---

- સુખ નથી કોઈના ચહેરામાં, સુખ નથી ફૂલોના સેહરામાં, સુખ તો સંતાયેલું છે તમારી... બે માસૂમ પાંપણના પહેરામાં.
- બીજાઓ આપણને ન ઓળખે તેનું દુઃખ ન કરવું પરંતુ... બીજાઓને આપણે ઓળખી ન શકીએ તેનું દુઃખ અવશ્ય કરવું.
- સંબંધો ઘરના વાસણ જેવા છે, તે ખખડે ભલે પણ તેમાં ગોબા ન પડવા જોઈએ.

### મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

## સંસ્થા સમાચાર

**જ્ઞાન દીવો છે અને જીવનને ઉર્ધ્વગામી બનાવનાર છે. - ધીરગુરુદેવ**

**૧૧૩ વર્ષ જૂના 'જૈન પ્રકાશ'ના ઉત્કર્ષ કાજે રૂા. ૧.૫૦ કરોડના ફંડથી હર્ષોલ્લાસ**

ઓલ ઇન્ડિયા શ્વેતાબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ - મુંબઈ છેલ્લા ૧૨૦ વર્ષથી કાર્યરત છે. તેમના મુખપત્ર જૈન પ્રકાશનો વિમોચન વિધિ મીનળબેન રોહિતભાઈ શાહના વરદ્ હસ્તે સંપન્ન થયેલ.

આ પ્રસંગે પૂ. આગમમુનિ મ.સા. આદિ તથા પૂ. હસ્મિતાજી મ.સ., પૂ. મીનાજી મ.સ. અને પૂ. શુભેચ્છાકુમારી મ.સ. આદિ તથા શ્રેષ્ઠિવર્યો ઉપસ્થિત હતા.

દાદર જૈન પાઠશાળાએ જ્ઞાનની મહત્તા નાટિકા અને રીના વારીઆએ સ્વાગત ગીત તથા સંઘ પ્રમુખ હર્ષદ ગાઠાણીએ સહુને આવકાર્યા હતા.

